Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

## પુસ્તક ૧૧ મું.

पुस्तक ११ मुं. विक्रम संवत् १९६९-७० अंक १२

"सेव्य सदा श्री गुरु कल्पवृक्षः"

शान्तिः स्वान्तप्ररूढा जवति जवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः।
अर्हद्वाणीविनोदो विशदयति मनःकर्मकक्षानलाम्नः :
आत्मानन्दप्रकाशो यदि जवति नृणां जावभृद्-हृद्विकाशः ॥

પ્રગટ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વીર સંવત્ ૨૪૩૯-૪૦ આત્મ સંવત્ ૧૮-૧૯. ઈ. સ. ૧૯૧૩-૧૪

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


૧ વન્દેવિરમ્. ( પ્રભુસ્તુતિ ) (પદ્ય) પા. ૧-૩૩-૬૧-૬૨-૮૯-૧૪૧-૧૬૫-૨૨૫-૨૫૩-૨૭૭

૨ ગુરૂગુણ ગીતમ્. (સ્તુતિ) (પદ્ય) .... .... .... પા. ૨-૪

૩ વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. (પદ્ય) .... .... .... પા. ૩

૪ આત્માનંદ પ્રશંસા (પદ્ય) .... .... .... .... પા. ૪

૫ અભિનવ વર્ષના ઉદ્‌ગારો. .... .... .... .... પા. ૪

૬ શ્રીમાન્ ચિદાનંદજીકૃત પદ. (ભાવાર્થ સહિત) .... પા. ૯-૧૧૭

૭ શાસ્ત્રકારોનો સદ્‌ઉપદેશ. .... .... .... .... પા. ૧૧

૮ સપ્તનય સંક્ષિપ્ત સ્વરૂપ. (પદ્ય) .... .... .... પા. ૧૩

૯ દાનવીર રત્નપાળ. પા. ૧૫-૪૯-૧૦૨-૧૨૯-૧૪૯-૧૭૩-૨૧૧-૨૩૪-૨૯૨-૩૩૬

૧૦ વ્યવહાર વિશુદ્ધિમાં જીવન પ્રવાહ. .... .... .... પા. ૧૯

૧૧ શું લજ્જાથી ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે? .... .... પા. ૨૪

૧૨ વિવિધ વચન. .... .... .... .... પા. ૨૯-૫૪-૮૨

૧૩ વિવિધ વિષય. .... .... .... .... .... પા. ૩૧

૧૪ વર્તમાન સમાચાર. પા. ૩૨-૮૭-૧૧૪-૧૩૯-૧૬૨-૧૮૭-૨૧૮-૨૪૫-૨૫૧-૨૭૧-૩૨૯

૧૫ વાર્ષિક ક્ષમાપના. (પદ્ય) .... .... .... .... પા. ૩૩

૧૬ શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય. (પદ્ય) .... .... .... પા. ૩૪

૧૭ ત્રયોદશ ક્રિયાસ્થાન સ્વરૂપ શ્રી વીરસ્તવ. .... .... પા. ૩૫

૧૮ પિતૃ વિશિષ્ટ પ્રણયની અનિત્યતા. (પદ્ય) .... .... પા. ૪૩

૧૯ જીવદયા સંબંધી લેખ. ....પા. ૪૪-૧૦૭-૧૧૧-૨૧૮-૨૨૭-૨૨૪-૩૬૦

૨૦ અઢાર પાપસ્થાનક(પદ્ય)પા. ૪૭-૧૦૧-૧૩૧-૧૪૭-૨૧૦-૨૨૬-૨૭૩-૩૫૬

૨૧ અપ્રશસ્ત અને પ્રશસ્ત ચાર દશાઓ (પદ્ય) .... .... પા. ૫૪

૨૨ ક્ષમાપના અથવા ખામણાં. .... .... .... પા. ૫૭

૨૩ વિવિધ સદુપદેશ. .... .... પા. ૫૮-૧૬૩-૧૩૭-૧૬૧

૨૪ અમારો સત્કાર. .... .... .... .... .... પા. ૫૮-૨૭૪

૨૫ ગ્રંથાવલોકન. .... ....પા. ૫૮-૮૮-૧૪૦-૧૬૪-૧૮૮-૨૫૨-૩૬૦

૨૬ શ્રી ગુરૂ પ્રદક્ષિણા કુલક. ... .... .... .... પા. ૬૩

૨૭ ભયથી શું ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે? .... .... .... પા. ૬૬

૨૮ હવે જરા આંખ ઉઘાડો. .... .... .... .... પા. ૭૫

૨૯ મુનિ ઉપદેશની સાર્થકતા. .... .... .... .... પા. ૮૩

૩૦ જૈનોની સંખ્યા ઘટવાના કેટલાક કારણો. .... .... પા. ૮૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ સદ્ભાવના એજ સાચી કલ્પલતા છે. .... .... .... પા. ૯૦
૩૨ વિઘ્ન યાને અંતરાય કર્મનું સ્વરૂપ. .... .... .... પા. ૯૦
૩૩ ધર્મ. .... .... .... .... .... .... પા. ૯૧
૩૪ વિતર્ક થઇ શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે? .... .... પા. ૯૫
૩૫ શાલ મુબારક. .... .... .... .... .... પા. ૯૮
૩૬ આત્મિક ચતુરંગી અવસ્થાઓ. .... .... .... પા. ૯૮
૩૭ સુક્તારત્નાવલી માટે અભિપ્રાય. ... .... ... પા. ૧૧૨
૩૮ આત્મધર્મ ભાવના. .... .... ... ....પા. ૧૧૫–૧૧૬
૩૯ જીવાનુશાસ્તિ કુલક. .... .... .... .... પા. ૧૧૮
૪૦ માત્સર્યથી શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે? .... .... પા. ૧૨૦
૪૧ સૃષ્ટિનાં જીવનદૃશ્યો. .... .... .... .... પા. ૧૩૨
૪૨ આત્મિક તૃપ્તિ સ્વરૂપાષ્ટક. (પદ્ય) .... .... .... પા. ૧૪૨
૪૩ નવપદ મહિમા ગર્ભિત શ્રી શત્રુંજય મહા તિર્થાદિક યાત્રા વિચાર. પા. ૧૪૨
૪૪ જ્ઞાનસંવાદ. .... .... ... પા. ૧૪૪–૧૭૮–૨૧૬–૨૩૯
૪૫ પ્રેરકબળનો આશ્રય લેવા વિષે વ્યક્તિગત્ ઉદ્દગારો. .... પા. ૧૪૮
૪૬ માયામાં અંધ થયેલા મનપર જ્ઞાન પ્રકાશ. (પદ્ય) .... પા. ૧૫૨
૪૭ વર્તમાન શ્રાવક સંસારમાં કઇ કઇ ખામીઓ છે? .... પા. ૧૫૩
૪૮ સાત્વિક વૃત્તિનું ઝરણું. .... .... .... .... પા. ૧૫૭
૪૯ સંખ્યાતીત યોગો. .... .... .... .... પા. ૧૬૦
૫૦ મુનિવિહારથી થતા લાભો. .... .... .... પા. ૧૬૩–૧૮૭–૨૨૩
૫૧ શમભાવ વિચારાષ્ટક. (પદ્ય).... .... .... .... પા. ૧૬૬
૫૨ સ્નેહથી શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે? .... .... .... પા. ૧૬૬
૫૩ અનાથ વિધવાઓનો ઉદ્ધાર શી રીતે થઇ શકે? .... .... પા. ૧૮૩
૫૪ કર્મફલ ચેતના. .... .... .... ... પા. ૧૮૫
૫૫ જોધપુરમાં સાહિત્ય સંમેલન કાર્યાલય. .... .... પા. ૧૮૬
૫૬ ભાવના–ચતુષ્ક (પદ્ય) .... .... .... .... પા. ૧૮૯
૫૭ જૈનોની પ્રાચિન, અર્વાચિન સ્થિતિનું દિગ્દર્શન. .... પા. ૧૯૦
૫૮ લોભથી શું ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે? ... .... પા. ૧૯૬
૫૯ ધીર પુરૂષોનું ન્યાય માર્ગમાં પ્રવર્તન. .... .... પા. ૨૨૬
૬૦ વિઘ્ન એજ અંતરાય કર્મની ઉદિત અવસ્થા. .... .... પા. ૨૨૭
૬૧ હઠથી શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે? .... ... .... પા. ૨૩૦
૬૨ મહાવીર જયંતી. .... .... .... .... પા. ૨૪૪
૬૩ શ્રી મહાવીર વિદ્યાલયની મુંબઇ શહેરમાં સ્થાપના. પા. ૨૪૬–૩૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૬૪ શાસ્ત્ર વિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત શ્રી પાર્શ્વનાથજી સ્તવન. (પદ્ય) .... .... .... .... .... પા. ૨૫૪
૬૫ જૈનોન્નતિ દોષ દર્શન. ... .... .... .... પા. ૨૫૬
૬૬ માનથી શું ધર્મપ્રાપ્તિ થઈ શકે છે? ... .... .... પા. ૨૬૩
૬૭ રતલામમાં શ્રી વીર જયંતી મહોત્સવ–તેને અંગે શ્રી હંસવિજયજી મહારાજનું ભાષણ. .... .... .... .... પા. ૨૬૯
૬૮ શ્રીમદ્ આનંદઘનજીના પદનો અનુવાદ. .... .... પા. ૨૭૨
૬૯ સુધારો. .... .... .... .... .... પા. ૨૭૨
૭૦ ભાવનગરના શ્રી સંઘે જૈન શાસન અને જૈન એડવોકેટ પત્ર માટે કરેલ ઠરાવ. .... .... .... .... .... પા. ૨૭૬
૭૧ ન્યાંયાભોનિધિ શ્રીમદ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ની જયંતી ઉત્સવ જેઠ શુદ ૮ ના રોજ ગવાયેલા ગાયનો. ....પા. ૨૭૮–૨૮૬
૭૨ જૈનોને ઉદયમાં આવતાં અંતરાયો. .... .... .... પા. ૨૭૯
૭૩ વિનયથી શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે? .... .... .... પા. ૨૮૬
૭૪ અમારી સભાનો કરવામાં આવેલ અઢારમો વાર્ષિક મહોત્સવ (જેઠ શુદ ૭) અને શ્રીમદ આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ તિથીના રોજ પાલીતાણે (જેઠ શુદ ૮ ના રોજ) ઉજવાયેલ જયંતી મહોત્સવ. .... .... .... .... .... .... પા. ૩૦૧
૭૫ મુંબઇ લાલબાગમાં સ્વર્ગવાસી પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ની ઉજવાયેલી જયંતી..... પા. ૩૦૨
૭૬ રતલામ, પાટણ, આકોલા અને મ્હેસાણામાં ઉક્ત મહાત્માની ઉજવાયેલ જયંતી. .... .... .... .... .... પા. ૩૨૮
૭૭ શ્રી જૈનવાણી રૂપ ગંગાની સ્તુતિ .... .... .... પા. ૩૩૧
૭૮ ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી મહારાજના આવાગમન પ્રસંગે ભાવનગરમાં ગવાયેલ ગૂહલી .... .... .... પા. ૩૩૨
૭૯ જૈનોના ઉદયના છ તત્ત્વો .... .... .... .... પા. ૩૩૩
૮૦ સમતારંગમાં રમણ કરવા આત્માને વ્યકિતગત સંબોધન (પદ્ય). પા. ૩૪૫
૮૧ શૃંગારથી શું ધર્મ પ્રાપ્તિ થાય છે? .... .... .... પા. ૩૪૬
૮૨ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજીના પ્રયાસથી પાટણ શહેરમાં જૈન જ્ઞાનમંદિરની યોજના .... .... .... પા. ૩૫૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

अर्हं

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक ११ ] वीर संवत् २४३९, श्रावण. आत्म संवत् १८ [ अंक १

## वन्दे वीरम् ।

जयइ जगजीवजोणीविआणओ जगगुरू जगाणंदो ।
जगनाहो जगबंधू जयइ जगप्पिआमहो भयवं ॥१॥
जयइ सुआणप्पभवो तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरू लोगाणं जयइ महप्पा महावीरो ॥२॥

जयति जगज्जीवयोनिविज्ञायको जगद्-गुरुर्जगदानन्दः ।
जगन्नाथो जगद्--बन्धुर्जयति जगत्पितामहो भगवान् ॥१॥
जयति श्रुतानां प्रभवस्तीर्थकराणामपश्चिमो जयति ।
जयति गुरुर्लोकानां जयति महात्मा महावीरः ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गुरु-गुण-गीतम्.

कविकुलमलिकुलमिव चिरं, यत्पदकमलनिषेवि ।
आस्वादयति रसं हि सा, त्वं जय जय वाग्–देवि ! ॥ १ ॥

विजयानन्दं सूरिममन्दं भज मुनिचन्दं स्वच्छन्दम् ।
तं जिनवन्दं प्रतिजनवृन्दं कृतसुखकन्दं सानन्दम् ॥ अस्ताई ॥
श्रीलं तरुमिव यो जिनधर्मं, प्राप्य च्छायाहृतमलघर्मम् ।
भवविपिनाध्वगजनमपि खिन्नं, समदर्शयदशुभातपखिन्नम् ॥ १ ॥
विद्यावन्तं यमतुलमेकं, सारासारग्रहणविवेकम् ।
ज्ञात्वा गुणगण उचितगवेषः, साहंपूर्विकमाश्रयदेषः ॥ २ ॥
जज्ञे पूर्वं सारासारं, कृत्वाऽथ मनसि येन विचारम् ।
मुद्रितमुख–ढुण्ढकजनकुमतं, हित्वा भेजे संविग्नमतम् ॥ ३ ॥
यावल्लोकं प्रथितसुनाम्ने, यस्मै सुतपोवर्द्धितधाम्ने ।
परिहृतसंसृतिपीडाशोकः, स्वस्ति वदत्यद्यावधि लोकः ॥ ४ ॥
नंदति यस्मात्प्राप्य वियोगं, कः प्राग् धृत्वा शुभसंयोगम् ?
विरहं चन्द्रात्प्राप्य चकोरः, हृष्यति किं वा मानसचोरः ॥ ५ ॥
दत्तानन्दं वचनमरन्दं, यस्य मुखाम्बुजभवनिष्यन्दम् ।
पीत्वा भव्यभ्रमरा हर्षं, दधतेऽद्यावधि गदितोत्कर्षम् ॥ ६ ॥
सूरौ यस्मिन् सति सद्-ग्रन्थाः, जाता जातः सरलः पन्थाः ।
ईदृक् कोऽन्यः कर्तुं कार्यं, शक्तः स्यादधुनेति विचार्यम् ॥ ७ ॥
रिपुता–पदगमित ! विश्वजयिन् ! हृदयास्पदगणितागमधर्मन् !
विजयानन्द ! नमस्ते सूर ! निवसत्वन्या याता दूरे ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरु स्तुतिः

## शार्दूल विक्रीडितम्.

यस्य प्रौढतमा परोपकृतिभिः पूर्णाहि पंचव्रती
यस्य श्रीपरिवार एव सततं विश्वोपकार व्रतो ।
यस्य ग्रंथचयाः सुगौरवयुता गर्जंति भूमितले
तस्मै स्वर्गतये नमोऽस्तु विजयानंदाय सत्सूरये ॥१॥

### ભાવાર્થ.

જેમના પંચ મહાવ્રતો અતિશય પ્રૌઢ અને પરોપકારોથી પૂર્ણ હતા, જેમનો જ્ઞાન લક્ષ્મીવાળો શિષ્ય પરિવાર આ વિશ્વના ઉપકારનો ઉપકાર કરવાનું વ્રત ધરનારો છે અને જેમના ગૌરવ ભરેલા ગ્રંથો આ ભૂમિ ઉપર ગાજી રહ્યા છે, તેવા સ્વર્ગવાસી શ્રી વિજયાનંદ સૂરીશ્વરને નમસ્કાર હો. ૧

# આત્માનંદ પ્રશંસા.

## શાર્દૂલવિક્રીડિત.

છે સંસાર વિષે અસાર સઘળો આનંદ સંપત્તિનો,
નિત્યે વ્યર્થ બને રહે નહિ સદા આનંદ [૧]સત્ શકિતનો,
વ્યાપે જે વિષયો તણો [૨]વપુ વિષે આનંદ તે [૩]નિંદ્ય છે,
આત્માનંદ તણો અખંડ ઉરમાં આનંદ તે [૪]વંદ્ય છે.

# અભિનવવર્ષના ઉદ્ગારો.

પ્રિય વાચકગણ, આર્હત ધર્મની મહત્તા, ભાવનાઓની ભવ્યતા, શ્રાવક સંસારની ચારૂતા અને જૈન સાહિત્યની રસિકતાને પ્રગટ કરનાર આ તમારૂં પ્રેમી પત્ર આજે બીજા દશકામાં પ્રવેશ કરે છે. વિજ્ઞાન વિલાસની અનુપમ સામગ્રીને સંપાદન કરવાની ઇચ્છાવાળા આ માસિકે પોતાની બાલ્યવયને યોગ્ય યથાશકિત સેવા કરી છે અને કરે છે. હજુ પણ તેના અંતરની આશાઓ વિશાળ છે. જેમની અગાધ વિવિધ ધાર્મિક

૧ સારી સત્તાનો. ૨ શરીરમાં. ૩ નિંદવા યોગ્ય ૪ વાંદવા યોગ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વ્યવહારિક સાહિત્યથી ભરપૂર એવી મહા સંસ્કારી અનુપમ જ્ઞાન વાણી પ્રકાશે છે, જેમની કૃતિઓમાં જ્ઞાનની અદ્‌ભુત શકિતની વિજય પતાકા ફરકી રહેલી છે જેઓ સૂક્ષ્મ બુદ્ધિના તર્કોનું અને સ્વાનુભવના સૂક્ષ્મ તત્ત્વોનું મિશ્રણ કરી ભારત વર્ષની જૈન પ્રજાનો મહાન્ ઉપકાર કરી ગયા છે, અને જેમણે મનુષ્યોની દયામય સૂક્ષ્મ લાગણીઓને જાગ્રત કરી આર્હંત ધર્મનો મહાન્ પ્રભાવ વધારેલો છે, તેવા આર્હંત મહાત્માઓના આચારો અને વિચારોની પ્રાસાદી પ્રગટ કરી પોતાના " આત્માનંદ પ્રકાશ " એ નામને સાર્થક કરવાની મારી પ્રબળ ઇચ્છા છે. તે સાથે માનવ જીવનની ઉચ્ચતાને વધારનારા, કર્મોની કઠોર ભૂમિમાંથી ઉદ્ધાર કરનારા, વિવિધ બાહ્યોપાધિઓમાંથી મુકત કરી શાંતિ અને શમતાના ઉન્નત સ્થળમાં લઇ જનારા, અને આત્માના સ્વાભાવિક ગુણોને અર્પનારા જે ગુણો, જૈનાગમમાં ઉચ્ચ આશયથી વર્ણવેલા છે, તે ગુણોની પ્રાપ્તિને માટે કેવા સાધનો મેળવવા જોઇએ, તેનું પણ યથાશકિત દિગ્‌દર્શન કરાવવાની અંતરંગ અભિલાષા છે.

પ્રિય વાચકવર્ગ, આ ઉછરતું બાળક આવી આવી આશા ધારણ કરે છે, પણ એ આશાની સફળતાનો આધાર તમારા ઉપર છે; કારણ કે, મારી યોગ્યતાની પરીક્ષા તમારામાં રહેલા સદ્‌ગુણોથીજ થઇ શકશે. જૈન વિદ્વાનો લખે છે કે, " માનવ જીવનની મહત્તા મેળવવાને માટે પ્રથમ ઉચ્ચ ભાવમય સામગ્રી સંપાદન કરવી જોઇએ. તે સામગ્રીમાં પ્રથમ પદે ધર્મનું સ્થાપન કરવામાં આવેલું છે. એક ધર્મને અંગે જીવનના બધા તત્ત્વો મેળવી શકાય છે. એ તત્ત્વોમાં કર્ત્તવ્યને મુખ્યતત્ત્વ ગણેલુ છે. કર્ત્તવ્યના મુખ્યત્વે ઉભય પ્રકાર છે. **ઇહલોક કર્ત્તવ્ય અને પરલોક કર્ત્તવ્ય.** તે બંને પ્રકાર અન્યોન્યાશ્રયે રહેલા છે. તેમનો પરસ્પર ગાઢ સંબંધ છે; એટલે ઇહલોક કર્ત્તવ્ય સાધનાથી પરલોક કર્ત્તવ્ય સાધી શકવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ઇહલોક કર્ત્તવ્ય સાધવાને સરલ માર્ગ ગૃહસ્થ ધર્મ છે અને પરલોક સાધવાનો સરલ માર્ગ યતિ ધર્મ છે. ઉભય ધર્મથી સાધ્ય વસ્તુ આત્મ ગુણોનું સંપાદન છે. દરેક પ્રાણીના અભ્યંતરના પવિત્ર સ્થાનમાં આત્માના ઉચ્ચ ગુણો રહેલા છે. એ ગુણો મેળવવા માટે જ પ્રયાસ કરવો આવશ્યક છે. જ્યાં મધુરતા યુકત શાંતિ પ્રસરી રહી છે, જે અવર્ણનીય આનંદની ભૂમિકા ગણાય છે, જ્યાં અજ્ઞાનથી ઉત્પન્ન થતાં કર્મો કદિપણ પોતાનો પ્રહાર કરવાને શકિતમાન્ થતા નથી, અને જ્યાં શાંતિ દાયક જ્ઞાનનું સામ્રાજ્ય પ્રવર્તે છે, તેવી સ્થિતિ મેળવવા માટે પ્રયાસ કરવામાંજ માનવજીવનની ઊપયોગિતા છે " આર્હંત ધર્મનો આ ઉપદેશ લેખદ્વારા પ્રસારવાને માટેજ મારી પ્રવૃત્તિ છે.

મારો જન્મ જે હેતુથી થયેલો છે, તે હેતુ સિદ્ધ કરવાનું સામર્થ્ય મને પ્રાપ્ત થતું આવે છે, ઉચ્ચ અને ઉદાર આશયવાળા વિદ્વાન્ મુનિઓ અને ગૃહસ્થો પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખ રૂપ અમૃતથી મારૂં સિંચન કરવા લાગ્યા છે. એ સિંચનના બળથી આર્હંત ધર્મના તત્ત્વોના અંકુરો પ્રગટ કરી વાચકોની કોમળ વૃત્તિઓને જાગ્રત કરવાની અને માનવ જન્મ રૂપ કલ્પવૃક્ષને પલ્લવિત કરવાની મારી ધારણા સફળ કરવાનું મહાન્ સામર્થ્ય મને પ્રાપ્ત થયું છે.

મારા અંતરની અભિલાષા એ છે કે, ચતુર્વિધ સંઘના ચાર અંગોમાં પહેલું સાધુ રૂપ અંગ ચારિત્રના ગુણોથી અલંકૃત થઇ પરમાત્માના આનંદના અનુભવમાં તલ્લીન થઇ, આર્હંત ધર્મના તત્ત્વોનું માધુર્ય ચાખે અને ચખાડે. બીજું સાધ્વી રૂપ અંગ ચારિત્રની પવિત્ર છાયામાં રહી સ્વજાતિ ( શ્રાવિકા ) નો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરે. ત્રીજું ગૃહસ્થ શ્રાવક રૂપ અંગ વિનય ચાતુર્ય, ઉદારતા અને દયા વગેરે ઉચ્ચ ગુણો સંપાદન કરી, સાત ક્ષેત્રોના તત્ત્વોનું પોષણ કરી જેની ઉપર સર્વ પ્રકારની ઉન્નતિના અદ્ભુત ગુણો સ્ફુરી રહેલા છે, એવા પોતાના માનવજીવન રૂપ ઉંચા શિખર ઉપર આરૂઢ થઇ આ સંસારને દીપાવે અને પરિણામે લક્ષ્મી, સ્ત્રી, પુત્ર–પરિવારની અનેક લાલસાઓ માંથી મુકત થઈ અને આ જગતની નશ્વરતા જાણી આત્મ સાધન કરવાને તત્પર થાય. ચોથું શ્રાવિકા અંગ જ્ઞાનની કળા સંપાદન કરી સુશિલ, લજ્જા, કુટુંબ વાત્સલતા, ઉદારતા, આત્માર્પણ અને બીજી ચતુરાઇથી પોતાના કુટુંબનું નાવ શ્રાવક સંસાર રૂપ સાગરમાં વેગથી ચલાવે અને ઘરમાં આનંદ અને સંપની શોભા વધારે; આ અંતરની અભિલાષા સિદ્ધ કરવાની આશા મેં ધારણ કરેલી છે. જે આશાની સફળતાનો આધાર મારા પોષક વર્ગ ઉપર મેં રાખેલો છે.

આજે હું અગીયારમા વર્ષમાં પ્રવેશ કરૂં છું, અને આ બીજા દશકાના આરંભકાળમાં જેમના પવિત્ર નામથી હું અંકિત છું, તે સ્વર્ગવાસી મહાત્મા **શ્રી વિજયાનંદસૂરિ** અને તેમના પરિવારની આત્મોલ્લાસ સહિત સ્તુતિ કરૂં છે.

**" ज्ञानामृतमहांभोधिरूपाय शुभदायिने ।**
**नमः सपरिवाराय विजयानंदसूरये " ॥ १ ॥**

" જ્ઞાનરૂપ અમૃતના મહાસાગર રૂપે અને શુભ કલ્યાણ દાયક એવા પરિવાર સહિત શ્રી વિજયાનંદ સૂરિને નમસ્કાર છે. " ૧

ગતવર્ષમાં એકંદરે ૫૭ વિવિધ લેખોના કુસુમની સુવાસ પ્રસરાવી મારા પ્રેમી વાચકોના હૃદયને અનુપમ આનંદ આપવામાં આવ્યો છે. પ્રથમ પ્રભુ સ્તુતિ અને ગુરૂસ્તુતિના પદ્યોથી શુદ્ધ દેવ ગુરૂની ભકિત દર્શાવવાનો ઉચ્ચ પ્રસંગ સાધ્યો છે. પંજાબી સંસ્કૃત કવિ **હંસરાજજી**ના હૃદયના સંગીતથી ગુરૂભકિતની ગર્જના કરવામાં આવી છે. મારા પરમ પોષક અને અધ્યાત્મ માર્ગના ઉપાસક મહાનુભાવ મુનિરાજ **શ્રી કર્પૂર-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયજીએ પોતાના જ્ઞાનામૃતથી મારા આંતર **સ્વરૂપ** ઉપર આનંદમય સિંચન કરેલું છે. એકંદરે આ મહાત્માના ૧૦ લેખો છે. ઉકત મહાત્માના લેખો સરલ, બોધદાયક અને જન સમાજને રૂચીકર છે, આ મહાત્મા પોતાના વખતનો સ્વાધ્યાય, ધ્યાન વિગેરે મુનિપણાની ક્રિયા કરવા ઉપરાંત આવા ઉપયોગી લેખો–વિષયો અને ગ્રંથો લખવામાંજ કિંમતિ વ્યય કરે છે જેને માટે જૈન સમાજ આભારી છે. મારૂં પોષણ પણ તેજ રીતે કેટલેક અંશે કર્યું છે. હજી પણ મને સંપૂર્ણ ખાત્રી છે, કે આ નવીન વર્ષમાં તે મહાત્મા વધારે સારા લેખો આપી મને ઉન્નત બનાવી જૈન કોમને અપૂર્વ આત્મિક આનંદ તે દ્વારા પ્રાપ્ત કરાવશે. તે મહાનુભાવે **અઢાર પાપસ્થાનકની** સજ્ઝાયોનું વિવેચન આપી મારા ઊપાસકોના અધ્યાત્મ ભાવને જાગ્રત કર્યો છે, તે ઉપરાંત તે મહાનુભાવે **પરમ યોગી મહાત્માનો મુદ્રા લેખ, મોહ વિકલ સંસારી જીવોનું ચરિત્ર, વ્યાખ્યા સહિત ચિદાનંદજી કૃત પદ** અને **શ્રીમંધર સ્વામીની વિનંતિના** ઉત્તમ લેખોથી મારા અંતરંગ સ્વરૂપને સુશોભિત બનાવ્યું છે. સિવાય ત્રણ લેખો Success, Vijay એવી સંજ્ઞાથી અત્રસ્થ ઉત્સાહી ઉછરતી વયના એક જૈન યુવક શાહ ફતેહચંદ ઝવેરભાઇના છે. જેણે પણ મારૂં પોષણ સારૂં કર્યું છે. તેઓ ધાર્મિક, સંસ્કૃત અને ઇંગ્લીશ કેળવણી પામેલા અને ધર્મના એક સારા અભ્યાસી હોઇને તેમણે સંપાદન કરેલી ધાર્મિક કેળવણીનો લાભ જૈન સમાજને આપવા એક વર્ષથી લેખો આપવાની કરેલી શરૂઆત પ્રશંસાપાત્ર અને યશસ્વી નિવડી છે. આવા પ્રયાસથી તેમની લેખન કળા ઉન્નત બનતાં ભવિષ્યમાં વધારે વિજયી નિવડશે, એમ ગયા વર્ષમાં કરેલા તેઓના પ્રયાસથી ખાત્રી થાય છે. બે લેખ મારી ઉત્પાદક સંસ્થાના સેક્રેટરીના છે. સિવાય આખા વર્ષના દરેક અંકમાં પ્રભુ સ્તુતિ તેમજ બીજા તત્ત્વજ્ઞાન ઉપરના પદ્યાત્મક લેખો જીજ્ઞાસુ ઉમેદવાર, એ સંજ્ઞાથી અત્ર નિવાસી આ સભાના એક સભાસદના છે. તેઓ ધર્મના જીજ્ઞાસુ છે. અને તેઓના પદ્યાત્મક વિષયો સરલ અને સુબોધક હોઇને આગળ ઉપર તે વધારે રસમય દેખાશે. બે લેખ એક ગદ્યમાં અને એક પદ્યમાં શાહ–માવજી દામજી પંડિત હાલમાં મુંબઈ નિવાસી કે જેઓ આ સભાના સભાસદ છે તેમના છે. તેઓ સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવે છે. તેઓ પદ્ય કરતાં ગદ્યમાં લેખો લખવા તરફ વધારે લક્ષ આપે તો ભવિષ્યમાં તેઓ સારૂં કામ કરી શકશે એવો સંભવ છે. ગત વર્ષમાં મારા પ્રેમી લેખકોએ કેટલાએક પદ્યોના અલંકારો મને પહેરાવ્યા છે. **નિઃસ્પૃહતા ભાવ, સિદ્ધચક્ર–નવપદજી પ્રત્યે અભ્યર્થના, રત્નાકર પચીશી, વ્હાલાના પૂજારી, અનુભવ સ્વરૂપાષ્ટક, વીરના બાળક, પાર્શ્વજિન સ્તવન. આર્હત શ્રમણ ધર્મ ફલાસિ, સહજ આત્મ સ્વરૂપ સ્થિરતા ગુણ પ્રાપ્ત્યર્થે તદ્‌ વિચારાષ્ટક, સ્વર્ગસ્થ સૂરીશ્વરજી શ્રીમદ્‌ આત્મારામજી પ્રતિ અભ્યર્થના, ધ્યાન** અને **જૈન શાસન ગીત** આવા આવા પદ્યમય અલંકારોએ મારા દ્રવ્ય અને ભાવ સ્વરૂપમાં વિશેષ સૌંદર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપજાવ્યું છે. આત્માને આનંદ ઉપજાવવાનો મારો હેતુ સિદ્ધ કરવાના સાધન રૂપે **આત્માનું આત્મ સ્વરૂપ, અધ્યાત્મ વિદ્યા, પ્રાચીન ભાવના, માનસિક ખીલવણી, ચારિત્ર ઉત્તમ બનાવવાની અગત્ય** અને **પવિત્ર જીવન** અને **તેની પ્રતિજ્ઞાઓ** એ વિષયો મને ઊપલબ્ધ થયા હતા, જેમાંથી મારા પ્રેમી વાચકોના હૃદયો અનુપમ બોધ મેળવી શક્યા છે. **જૈન સાહિત્ય, સાત ક્ષેત્રો અને તેના અંતરંગ હેતુઓના** ગંભિર વિષયો આદિથી અંત સુધી ધારણ કરી મેં મારા પ્રેમી વાચકોને પ્રબોધની પ્રસાદી આપી છે. તે સિવાય વર્તમાન કાળની જૈન પ્રજાને કર્ત્તવ્યનો બોધ આપવાને જાહેર સંસ્થાઓની સુધારણાના અને ઉન્નતિની સાધનાના બીજા વ્યવહારિક વિષયો આપવાની મારી અંતરંગ અભિલાષા પણ પૂરી કરવામાં આવી છે. તે ઉપરાંત મારા દ્રવ્ય અને ભાવ સ્વરૂપને સુશોભિત કરનાર અને મારો ઉદય જોઇ અંતરમાં આનંદ પામનાર વિદ્વદ્રત્ન શ્રીમન્મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજના જાહેર ભાષણના વિષયોની ભવ્યતાથી હું વિભૂષિત થયેલછું અને તે મહાનુભાવની વ્યાખ્યાન વાણીના વિલાસને પ્રગટ કરી હું મારી મનોગત ધારણા સફળ કરવા શક્તિમાન થયેલ છું.

પ્રિય વાચક બંધુઓ, મને કહેતાં આનંદ ઊપજે છે કે, આ નવીન વર્ષે હું મારા સ્વરૂપને વિશેષ સૌંદર્યવાળું કરવા સમર્થ થયેલ છું. મારા સંપાદકો અને ઉત્સાહી લેખકોના આશ્રયથી મને દરેક પ્રકારની સુંદરતા–વિશાળતા પ્રાપ્ત થઇ છે. તે જોઈ મારા ભાવિક ઉપાસકોને આનંદ થયા વિના રહેશે નહિં. આ મારૂં વિશાળ સ્વરૂપ કેવળ દ્રવ્યમાં નહીં પણ ભાવમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું થાય અને મારા ઉત્તમ લેખ રૂપી દર્પણમાં પ્રિય વાચકોના હૃદયના ભાવ પ્રતિબિંબ પડે, એવી મારી આર્હત ધર્મના અધિષ્ટાયક પ્રત્યે પ્રાર્થના છે.

છેવટના મારા ઉદ્દગાર એ છે કે, મારા ઉત્તમ અધિકારી વાચકોની ચિત્ત રૂપી ઉત્તમ ભૂમિ જ્ઞાનમય સદ્દભાવના રૂપ હળે ખેડાઇ તેની અંદર સમ્યકત્વ રસનું સિંચન થાય અને તેમાં વાવેલા જ્ઞાન બીજ કલ્યાણ રૂપ ફળ આપી આત્માનંદનો મહાન્ લાભ આપે અને જેઓના હૃદયમાં સાંસારિક વિષયો પ્રત્યે વૈરાગ્ય, આત્મજ્ઞાન અને આત્માનંદના અગાધ પ્રેમના તીવ્ર લાગણીના વહનો નિરંતર વહન થતાં દેખાય અને તેને લઇને જેઓ આત્માના આનંદમાંજ વિશ્રામ લેવા રૂપ શાંતિ સંપાદન કરવાને તત્પર હોય, તેમની આંતર ઇચ્છા સફળ થાય. તે સાથે જેઓ ધર્મ, નીતિ, ગૃહ–સંસાર અને શુદ્ધ વ્યવહારના માર્ગોનું સુક્ષ્મ અવલોકન કરવા ઇચ્છતા હોય, જેમના અંતરના ઉંડા પ્રદેશમાં પોતાના ધર્મની અને કોમની ઉન્નતિના વિચારો ઉત્પન્ન થતા હોય તેવાઓને મારા નવનવા ભાવ સ્વરૂપમાંથી આનંદ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય વાંચકો, આ બીજા દશકામાં પ્રવેશ કરતાં શ્રી વીર પરમાત્માના શાસન દેવતાને પ્રાર્થના કરૂં છું. કે, મારી પોષક અને પાલક એવી જૈન પ્રજામાં ગૃહસ્થ વર્ગ સાત ક્ષેત્રોના અંતરંગ હેતુઓને સમજી તેમની ઉન્નતિ સાધવા તત્પર બનો, પૂજ્ય યતિવર્ગ વિષયોની અનિત્યતા, અને સર્વ વસ્તુઓની નિસ્સારતા સમજી અધ્યાત્મ રૂપ સુધારસના મધુર સ્વાદમાં તલ્લીન બનો, ચતુર્વિધ સંઘ સંપ રૂપી કલ્પવૃક્ષની છાયામાં રહી કલ્લોલ કરો અને મહોપકારી સ્વર્ગવાસી મહાત્મા શ્રી વિજયાનંદ સૂરિના પરિવારની ઉપદેશ વાણી રૂપ ભાગીરથી ભારત વર્ષની જૈન પ્રજાને પવિત્ર કર્યા કરો.

तन्वन् श्रेयोंऽशुनिचयं धुन्वन्नज्ञानजं तमः ।
जैनधर्मनिशानाथो राजतां भारतांबरे ॥ १ ॥

"કલ્યાણ રૂપ કિરણોના સમૂહને વિસ્તારતો અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધકારને નાશ કરતો જૈન ધર્મરૂપી ચંદ્ર આ ભારત વર્ષ રૂપી આકાશમાં વિરાજો. ૧

ॐ

शांतिः शांतिः शांतिः

## શ્રીમાન્ ચિદાનંદજી કૃત,

# લઘુતા ભાવના પદ.

( ભાવાર્થ સમેત )

( લેખક--મુનીરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

लघुता मेरे मन मानी, लइ गुरूगम ज्ञान निशानी. लघु० ए आंकणी
मद अष्ट जीनोंने धारे, ते दुर्गति गये बिचारे;
देखो जगतमे प्रानी, दुःख लहत अधिक अभिमानी. ॥ लघु ॥ १ ॥
शशी सूरज बमे कहावे, ते राहुके बस आवे;
तारा गण लघुता धारी, स्वरभानु भीति निवारी. ॥ लघु ॥ २ ॥
छोटी अति जोयणगंधी, लहे खटरस स्वाद सुगंधी;
करटी मोटाइ धारे, ते छार शीश निजमारे. ॥ लघु ॥ ३ ॥
जब बालचंद होइ आवे, तब सहु जग देखण धावे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूनम दिन बमा कहावे, तव क्षीण कला होय जावे. ॥ लघु ॥ ४ ॥
गुरुवाइ मनमे वेदे, नृपश्रवण नासिका छेदे;
अंगमांहे लघु कहावे, ते कारण चरण पूजावे. ॥ लघु ॥ ५ ॥
शिशु राजधाममें जावे, सखी हिलमिल गोद खीलावे;
होय बमा जाण नवि पावे, जावे तो सीस कटावे ॥ लघु ॥ ६ ॥
अंतर मद जाव वहावे, तब त्रिजुवन नाथ कहावे;
इम चिदानंद ए गावे, रहणी बिरला कोउ पावे ॥ लघु ॥ ७ ॥

ભાવાર્થ—લઘુતા-નમ્રતા-વિનય વૃત્તિ એ સદ્દગુરૂની કૃપાથી પ્રાપ્ત થયેલ જ્ઞાન સ્વાત્મામાં પરિણામ પામ્યાનું પ્રગટ લક્ષણ જણાય છે, એટલે કે લઘુતા-નમ્રતા એ **ગુરૂગમ જ્ઞાનની** નિશાની છે. અને એથીજ એવી નમ્રતા મને ગમે છે.-નમ્રતામાં મને ઘણું જ મહત્વ રહેલું લાગે છે. જે બાપડા જીવોએ જાતિમદ, કુળમદ, બળમદ, બુદ્ધિમદ, તપ-મદ, લાભમદ, રૂપમદ અને ઐશ્વર્યમદ, એ આઠ પ્રકારના મદ તે તે વસ્તુ-સામગ્રી પામીને કરેલ છે એટલે જે જીવો એ વસ્તુ સામગ્રીને જીરવી શકયા નથી અને એથીજ અહંકારમાં આવી જેઓ ઉન્મત બની ગયા છે, તે બાપડાના ભૂંડા હાલ બન્યા છે. તેઓ નીચી ગતિમાં ગયા છે અને જે વસ્તુનો તેમણે ગર્વ કરેલો તે વસ્તુનીજ તેઓ ન્યૂનતા-હાનિ પામ્યા છે. એમ અનેક ચરિત્ર વાદોથી સિદ્ધ થયું છે. **પ્રશમરતિ** પ્રમુખ સમર્થ શાસ્ત્રોએ એકવાકયતાથી એજ વાતનું સમર્થન કરેલું છે. વળી આપણા જાતિ અનુભવથી પણ જાણીએ-જોઇએ છીએ કે અભિમાની લોકોજ અધિક દુઃખી થાય છે-તેમનેજ વધારે સહન કરવું પડે છે! જ્યારે તેમને મદ ચઢે છે ત્યારે તેઓ ઉન્મતપણે નહિં બોલવાનું બોલી દે છે અને નહિં કરવાનું કરી દે છે, પણ પછી જ્યારે તે બોલેલ કે કરેલ વાતનો નિર્વાહ કરવા પૂરતું સામર્થ્ય પોતાનામાં જણાતું નથી ત્યારે તેમને ઝુરી ઝુરીને કે ક્વચિત્ આપઘાત કરીને મરવું પડે છે, એવો ભારે કડવો અનુભવ અભિમાની જીવોને કરવો પડે છે. ૧

જૂઓ! ઊંચે આકાશમાં ફરતા ચંદ્ર અને સૂર્ય બંને મોટા જ્યોતિષ્ ચક્રના નાયક કહેવાય છે. તેમનું રાહુ ગ્રહણ કરી લે છે, જ્યારે તારાઓનો સમૂહ લઘુતા ધારી ચંદ્ર સૂર્યનીજ પ્રજા તરીકે તાબેદારી ઊઠાવે છે તો તેમને રાહુથી ગ્રહણ (ગ્રસન) કરી લેવાની ભીતિજ રહેતી નથી. નિર્ભયપણે તે પોતપોતાના માર્ગમાં સંચર્યા કરે છે. ૨

વળી જૂઓ કે કીડી સ્વરૂપ-પ્રમાણમાં ઘણી છોટી જણાય છે. તોપણ તે મન ગમતા ષટ્ રસના સ્વાદ લહી શકે છે, તેમજ મનમાનતો સુગંધ પણ મેળવી શકે છે અને હાથી સ્વરૂપ-પ્રમાણમાં જબરજસ્ત છે તો તે પોતાના માથે સૂંઢવતી ધૂળ લહી લહીને નાંખતો જણાય છે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ જ્યારે ચંદ્રમાની એકાદ કળાજ ખીલતી લોકોને જોવામાં આવે છે, ત્યારે સહુ કોઈ ચાહના કરી તે ઊગતી કળાને દેખવા આતુર રહે છે. ( બીજનો ચંદ્ર ઉગતો જોવાની ઘણાને ટેવ હોય છે. ) પણ પછી અનુક્રમે કળાની વૃદ્ધિ થતાં જ્યારે પૂર્ણિમાને દિવસે તે સંપૂર્ણતા પામેલો જણાય છે એટલે સહુથી મ્હોટો થાય છે ત્યારે તેનું એટલું મહત્વ રહેતું નથી પણ ઊલટો તે પોતાની કળામાં દિન દિન ન્યૂનતા જ પામતો જતો જોવામાં આવે છે. ૪

વળી જૂઓ તો આપણા અંગમાં ચક્ષુ, શ્રવણ અને નાસિકા જે મુખ્ય મુખ્ય અંગો ગણાય છે તે અંગોને કંઇ તથાપ્રકારના અપરાધમાં આવવાથી રાજા છેદવાનો હુકમ કરે છે, ત્યારે જે ચરણ ( પગ ) આપણા અંગમાનો નિકૃષ્ટ ભાગ ગણાય છે તેનેજ તથાપ્રકારના ઉત્તમ ગુણના સંજોગથી મ્હોટા મ્હોટા માંધાતાઓ પણ પૂજે છે.

તેજરીતે કદાચ કોઇ નાનું બાળક રાજ મહેલમાં જઇ ચઢયું હોય તો તેને પ્રીતિથી ગોદ ( ખોળા ) માં બેસાડી સહુ સખીઓ રમાડે છે, પણ કદાચ કોઇ દુર્ભાગ્યે મોટી વયવાળું માણસ ત્યાં જઈ ચઢે તો તેનો જાનજ જોખમમાં આવી જાય છે., કેમકે ત્યાં અંતેઉરમાં અણજાણ્યાં મ્હોટી વયવાળાને જવાની સખ્ત મનાઇ હોય છે. ૬

જ્યારે આત્મા વિવેક શક્તિ જોગે ઉકત આઠે મદને ગાળી નાંખે છે, અને કેવળ નિર્મદ–પરમ નમ્ર ભાવને ધારણ કરે છે ત્યારે તે ત્રણ ભુવનના પ્રાણીયોને રક્ષવા સમર્થ થઇ શકે છે. શ્રીમાન્ ચિદાનંદજી મહારાજ કહે છે કે કોઇ વીરલ આત્માર્થી જનોજ ઉપર જણાવેલા બધા મદોને ગાળી નાંખી નિર્મદતા કહો કે અતિ નમ્રતા ધારી ઉત્તમ રહેણીએ રહે છે, અને એવા ઉત્તમ જનોજ ખરેખર સ્વહિત પૂર્વક પરહિત કરવાને સમર્થ થઇ શકે છે. આપણે પણ આપણા શ્રેય–કલ્યાણાર્થે એજ સન્માર્ગ આદરવો ઉચિત છે.

ઇતિશમ્

## સ્વ પરના હિત–શ્રેય–કલ્યાણાર્થે ભાવના ચતુષ્ટયનો સમાશ્રય કરવા ભવ્યાત્માઓ પ્રત્યે સમર્થ

# શાસ્ત્રકારોનો સદ્ ઉપદેશ.

( લેખક—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

**परहित चिन्ता मैत्री, परदुःख विनाशिनी तथा करुणा;**
**परसुख तुष्टि र्मुदिता, परदोषोपेक्षण मुपेक्षा.**

( શ્રી હરિભદ્રસૂરિઃ ષોડષક મધ્યે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—પરનું હિત-શ્રેય કેમ થાય ? એવું ઉદાર મનથી ચિંતવન કરવું તેનું નામ **મૈત્રીભાવ,** પરનાં દુઃખભંજન કરવા પૂરતો પ્રયત્ન સેવવો તેનું નામ **કરૂણાભાવ**, પરની સુખ સમૃદ્ધિ દેખી સંતોષ પામવો તે **મુદિતાભાવ,** અને પરના દોષ દેખી ચિરડાઇ નહિ જતાં સમતા ધારવી તે **ઉપેક્ષાભાવ,** અત્યંત હિતકર **જાણી** સદા સર્વદા ધર્માર્થી ભાઇ બ્હેનોએ આદરવા યોગ્ય છે.

**मैत्री परस्मिन् हितधीः समग्रे भवेत् प्रमोदो गुण पक्षपातः**
**कृपा भयार्ते प्रतिकर्तुमीहोपेक्षैव माध्यस्थ्यमवार्य दोषे.**

( અધ્યાત્મ કલ્પદ્રુમે, શ્રી મુનિ સુંદર સૂરિઃ)

**ભાવાર્થ**—સમગ્ર પ્રાણી વર્ગ ઉપર હિત બુદ્ધિ રાખવી તે **મૈત્રી ભાવના,** તીવ્ર ગુણાનુરાગ ધારણ કરવો તે પ્રમોદ ( અથવા મુદિતા ) ભાવના, મરણાદિક ભયથી આકુળ થયલા પ્રાણીઓને બચાવી લેવાની આંતર ઇચ્છા તે કૃપા યા **કરૂણાભાવના** અને કોઇ રીતે સુધારી ન શકાય એવા પરના દોષ તરફ રાગ દ્વેષ રહિત મધ્યસ્થ પરિણામ જ રાખવો તેનું નામ ઉપેક્ષા ભાવના કહેવાય છે. ઉક્ત ભાવના ચતુષ્ટય પ્રતિ દિન સહુ સજ્જન ભાઇ બ્હેનોએ ચિંતારવા યોગ્ય છે.

**मा कार्षीत कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः;**
**मुच्यतां जगदप्येषा, मति मैंत्री निगद्यते.**

( શ્રી યોગ શાસ્ત્રે શ્રીમદ્ હેમચંદ્ર સૂરયઃ )

**ભાવાર્થ**—કોઇ પણ પ્રાણી પાપાચરણ મ કરો ! કોઇ પણ પ્રાણી દુઃખી ન થાઓ ! અને જગત માત્ર દુઃખ દ્વંદ્વથી મુક્ત થાઓ ! આવી ઉદાર ભાવના બુદ્ધિને શાસ્ત્રકાર મૈત્રી ભાવ કહે છે. જે ખરેખર આદરવા યોગ્ય છે.

**सर्वेऽपि सन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः**
**सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पाप माचरेत्.**

**ભાવાર્થ**—સર્વ કોઇ પ્રાણી સુખ-સ[illegible] થાઓ ! સર્વ કોઇ પ્રાણી રોગ રહિત થાઓ ! સર્વ કોઇ પ્રાણી કલ્યાણ [illegible] કોઇ [illegible] પાપાચરણ મ કરો ! એટલે પાપાચરણથી ડરી [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# [૧]सप्तनय संक्षिप्त स्वरुप.

## [૨]કવ્વાલિ.

મળે છે સપ્તનય નદિયો, જિનાગમ રૂપ [૩]આર્ણવને;
કરૂં અનુવાદ સંક્ષેપે, સ્તવિ મહાવીર સ્વામીને. ૧
પ્રથમ (૧)નૈગમ (૨)સંગ્રહ છે, વળી (૩)વ્યવહાર (૪)રૂજુ સુત્રે;
અને છે (૫)શબ્દ (૬)સમભિરૂઢ, (૭)એવંભૂત છે અત્રે. ૨
સર્વ અર્થો છે સામાન્યે, અને વિશેષ સાથે છે;
ગણો જાત્યાદિ સામાન્યે, વિશેષ જ ભેદ પાડે છે. ૩
બુદ્ધિ એક સેંકડો ઘટમાં, રહે છે ધર્મ સામાન્યે;
કરે નિજ નિજનું લક્ષ, જનો વિશેષ જાણીને. ૪
ગણે નૈગમ વસ્તુને, ઉભય એ ધર્મ વાળી છે;
વિના વિશેષથી સામાન્ય, નહિં સામાન્યથી વિશેષ. ૫
જુઓ સંગ્રહ વસ્તુને, ગ્રહે સામાન્ય ભાવે એ;
નથી સામાન્યથી ઇતર, કુસુમ આકાશની પેરે. ૬
વનસ્પતિ વિણુ નથી કાંઇ, જુઓ સહુ વૃક્ષ પેખીને;
વળી [૪]પાણિ થકી જો ભિન્ન, નથી આંગુલી આદિ એ. ૭
સર્વ અર્થો વિશેષાત્મક, [૫]મુણે વ્યવહાર જ્યાં પોતે;
પ્રથક વિશેષથી સામાન્ય, નહિં ખર શૃંગ દૃષ્ટાંતે. ૮
વદે કે લ્યો વનસ્પતિને, કહો તેથી શું લેવું એ;
નહિં આમ્રાદિ વિશેષો, વિનાએ વાક્ય મિથ્યા છે. ૯
[૬]પદે લેપો વૃણે પટ્ટી, એ આદિ લોક વ્યવહારે;
બને ઉપયોગ એ વિશેષ, ન સિદ્ધિ માન સામાન્યે. ૧૦
રૂજુ સુત્ર ગ્રહે પર્યાય, કરે જે કાર્ય પોતાનું;
અતિત અને અનાગતના, અને અન્યના તે છોડી દે. ૧૧
અતિત અને અનાગતના, ને પર પર્યાયથી સિદ્ધિ;
નહિં જાણે વિચારો એ, ગગન કુસુમની પેરે. ૧૨
વળી નામાદિ ચારેમાં, ગ્રહે છે ભાવ ને પોતે;
તજે પહેલાં ત્રિ નિક્ષેપા, પછીના ન્યાય સાથેએ. ૧૩

૧ શ્રીમાન્ વિનયવિજયજી કૃત નયકર્ણિકા ઉપરથી. ૨ ગઝલમાં પણ ચાલે છે. ૩ સમુદ્ર. ૪ હાથ. ૫ લેખે. ૬ પગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ એકાર્થ વાચી છે, લહે પર્યાય ભેદો તે;
છતાં શબ્દ ગ્રહે એકાર્થ, કળશ ઘટ કુંભ આદિતે. ૧૪
સમ-ભિરૂઢ જુઓ પોતે, વદે પર્યાય ભેદોથી;
પ્રથક્ અર્થો બને સઘળા, કળસ ઘટ-ઘટ પટાદિ જયું. ૧૫
જુઓ પર્યાય ભેદેથી, ન પામે ભેદ વસ્તુતો;
પ્રથક્ પર્યાયના ભેદે, કહો ઘટ પટ એકજ એ. ૧૬
એવંભૂત તે નિશ્ચય, કરે નિજ કાર્ય સિદ્ધિને;
લહે પર્યાય એકજ એ, ગણે વસ્તુ સ્વભાવજ તે. ૧૭
યદિ કાર્ય કરે નહિં તો, ગણી વસ્તુ એ પોતાનું;
છતાં વસ્તુ ગ્રહી લેવી, પટે ઘટત્વ જાણી કયું ? ૧૮
ક્રમેથી એ નયો સર્વે, યથોત્તર શુદ્ધ ભાવે છે;
બને એક એકના સો ભેદ, મળી સપ્ત શત બને છે એ. ૧૯
એવંભૂત સમભિ રૂઢ, નો અંતર શબ્દમાં,
બને તવ પંચ ન્યાયોએ, લહે પંચ શત ભેદો તે. ૨૦
[1]જો દ્રવ્યાસ્તિકને [2]પર્યાય-માં અંતર બનાવો તો;
પ્રથમના ચાર દ્રવ્યો છે, પછીના ત્રિક પર્યાયે. ૨૧

### ( વસંત તિલકા વૃત્ત. )

સર્વે નયો વિષમ ભાવ ધરે તથાપિ, શેવા કરે વીર વિભો ! તુઝ આગમોની;
રાજા પરસ્પર કરે જિમ યુદ્ધ ભારી, અંતે ગ્રહે નરપતિ તણી શેવ સારી. ૨૨
આવા નયાર્થ રૂપ સર્વ સુગંધી પુષ્પે, અર્ચા કરી વીર વિભુ વિનયા ભિધાનેઃ
વિજયાદિ દેવ શીશ સિંહ વિજય ગુરૂને, સંતોષ હેતુ રચી દ્વીપ પુરે કૃતિએ.૨૩

### ( હરિગીત-વૃત્ત )

ઉપકારી જવાહિર ચંદ્રના સદ્બોધથી અવગાહિને,
નય માર્ગની આ રૂપ રેખા સાધ્ય સાધક જાણીને;
અનુવાદ આજે મેં કર્યો અતિહર્ષે એહ કૃતિ તણો,
મિથ્યામિ દુષ્કૃત તે હજો જિન વાણીથી વિપરિતનો ૨૪

( જીજ્ઞાસુ-ઉમેદવાર )

---

૧ મલ્લિષેણ સૂરિ કૃત સ્યાદ્વાદ મંજરીની ટીકામાં નયવર્ણન અધિકારે દ્રવ્યાસ્તિકમાં પહેલાં ત્રણ અને પર્યાયાસ્તિકમાં પછીના ચાર કહેલ છે. ૨ પર્યાયાસ્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

## ( સ્વતંત્ર-અનુવાદ )

કલ્યાણ લક્ષ્મીના સ્થાનરૂપ એવા નાભિરાજાના પુત્ર શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર છે, જે ભગવાનનું પવિત્ર નામ કલ્પવૃક્ષની જેમ મનુષ્યોને મનવાંછિત આપે છે.

**ચતુર્વિધ ધર્મનો મહિમા.**

દાન, શીલ, તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્મ સંપત્તિઓનો હેતુ, સંસાર સાગરનો સેતુ અને મહાન્ આપત્તિઓનો કેતુ—નાશકારક છે.

**દાનનો મહિમા**

તે ચતુર્વિધ ધર્મમાં દાન ઉત્કૃષ્ટ છે, કારણ કે, દાનાદિક, ધર્મના પરસ્પર વાદના પ્રસંગની યુક્તિવડે જિનેશ્વરોએ તેને સર્વમાં પ્રથમ ગણેલું છે

**દાન, શીલ, તપ અને ભાવનો પરસ્પર સંવાદ.**

એક વખતે દાન, શીલ, તપ અને ભાવને મોક્ષમાર્ગને માટે પરસ્પર મોટો સંવાદ થયો. સર્વે પોતપોતાના માહાત્મ્યનો ગર્વ ધરવા લાગ્યા. તેમાં પ્રથમ દાને ગર્વથી જણાવ્યું કે, હુંજ મોક્ષનું મુખ્ય કારણ છું, બીજા તમે શીલ, તપ અને ભાવ મારા સહકારી છો. મેં શાલિભદ્રને એટલી પ્રૌઢતા પર ચડાવ્યો હતો કે જેથી એકજ જન્મમાં મોક્ષે જવાનો હતો, એ વાત જગ જાહેર છે. **ધના સાર્થવાહ**ના જન્મમાં માત્ર સાધુઓને ઘી વેહોરાવવાથી શ્રી યુગાદીશ ભગવાન્ ત્રણ લોકના પિતામહ થઇ પડયા છે, એ મારાજ પ્રભાવથી. શ્રી યુગાદિ ભગવાને પોતાનો પ્રપૌત્ર શેરડીના રસનું દાન કરતાં તેના હાથની નીચે પોતાનો હાથ રાખ્યો હતો, એ પણ મારૂંજ માહાત્મ્ય. મોક્ષ માર્ગમાં પ્રવર્તેલા જે મહાત્માઓ કોઇ પણ કામમાં કોઇની સહાય લેવા ઇચ્છતા નથી, પણ તેઓ દાતાની અપેક્ષા રાખે છે. વધારે શું કહું ? પુરૂષના ઘરમાં જે નવનિધિ તથા અષ્ટસિદ્ધિઓ તેમજ જે કાંઇ ભોગ—આરોગ્ય વગેરે દેખાય છે, તે મારૂંજ ( દાનનુંજ ) ફળ છે"

દાનના આવા ગર્વિષ્ટ વચનો સાંભળી શીલે પોતાનો ઉત્કર્ષ બતાવતાં કહ્યું, " મોક્ષના અંગોમાં તો યુક્તિથી મારીજ મુખ્યતા ઘટે છે. બીજા દાન, તપ, અને ભાવની મુખ્યતા ઘટતી નથી. જુવો, સુદર્શન શેઠ અદ્‌ભૂત અષ્ટ પ્રાતિહાર્ય ઉત્પન્ન કરી મોક્ષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો, તેનું કારણ હું પોતે (શીલ) જ હતું, મારા સિવાય બીજું કોઇ કારણ ન હતું. વળી પૂર્વે સીતા સુભદ્રા વગેરે સતીઓએ જે દુઃસાધ્ય કામ સાધેલા છે, તે પણ મારૂં (શીલનું) જ નિર્દોષ માહાત્મ્ય હતું. નારદમુનિ કે જે સ્વેચ્છાચારી, સદોષ કામ કરવામાં તત્પર અને લોકોમાં કલહ કરાવવામાં પ્રખ્યાત ગણાય છે, તે પણ શુદ્ધ મને મારી આરાધના કરી મોક્ષે ગયેલા છે. જ્યાં મારો (શીલનો) અભાવ છે, ત્યાં મોક્ષ દુર્લભ છે. જિન ભગવંતોએ અબ્રહ્મચર્યનેજ આ સંસારનું બીજ કહેલું છે. તેને માટે કાંઇ પણ આજ્ઞા આપી નથી, તેનો સર્વથા નિષેધ કરેલો છે. પુરૂષને પ્રથમ જિતેંદ્રિયપણું અને તે પછી વિનય એમ અનુક્રમે સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.તેથી સમ્યકત્વનું મુળ હું (શીલ) જ છું શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, " વિનયનું કારણ જિતેંદ્રિયપણું છે. વિનયથી ગુણોનો ઉત્કર્ષ થાય છે,ગુણોના ઉત્કર્ષથી માણસો રાગી થાય છે અને માણસોના રાગથી સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી દાન, તપ અને ભાવ મારા એક સોમા અંશને પણ યોગ્ય નથી. "

દાન અને શીલનો આ ઉત્કર્ષ સાંભળી તપે જણાવ્યું, " જ્યાં સુધી આ જગતમાં મારૂં ઉગ્ર માહાત્મ્ય જોવામાં આવ્યું નથી, ત્યાં સુધી જ દાન, શીલ અને ભાવનું ગૌરવ ઇચ્છાય છે. ઇંદ્રો, ચક્રવર્ત્તીઓ મહા પરાક્રમી પુરૂષો જ્યારે પોતાને દુઃસાધ્ય કાર્ય સાધવાનું હોય ત્યારે મારી જ ઉપાસના કરે છે, કારણ કે, તેઓ મને પોતાની ઇષ્ટસિદ્ધિ કરવાનો જામીન ગણે છે. શાસ્ત્રકારો પણ લખે છે કે, "તપથી અસ્થિર સ્થિર થાય છે,વક્ર સરલ થાય છે; દુર્લભ સુલભ થઈ પડે છે અને દુઃસાધ્ય સુસાધ્ય થાય છે. " વળી જેમ અગ્નિ ઇંધણાના ઢગલાને બાળી નાંખે છે, તેમ હું અનંત ભવમાં બાંધેલા દુષ્કર્મોને ક્ષણમાં ભસ્મ કરી નાંખું છું. તે વિષે મારે માટે શાસ્ત્રમાં પણ લખ્યું છે કે, " જો સંયમી પુરૂષ બાહ્ય અને આભ્યંતર તપ રૂપી અગ્નિ પ્રજ્વલિત કરે તો તેના દુર્જર કર્મો પણ તત્કાળ ભસ્મ થઇ જાય છે. " આત્મા નિકાચિત કર્મોમાંથી બે પ્રકારે મુક્ત થઈ શકે છે, કાં તો તે કર્મોને અનુભવીને અથવા મારાથી ( તપથી ) તેમને ભસ્મ કરીને. મહાત્મા સીમંધર સ્વામીએ પણ મારે માટે તેમજ કહેલું છે. જો આત્મા નિષિદ્ધ—આચરણ કરવા વગેરે પાપોથી મલિન થયો હોય તો ગુરૂએ ઉપદેશ કરેલા મારાથી ( તપથી ) તે આત્મા સત્વર શુદ્ધ થઇ જાયછે. વધારે શું કહું, બ્રહ્મહત્યા સ્ત્રીહત્યા, ગર્ભહત્યા અને ગોહત્યાના પાપોથી નરકનો અતિથિ થયેલો **દ્રઢપ્રહારી** મારે શરણે આવવાથી, મોક્ષે ગયો હતો. **શ્રેણિકરાજા** પાપનો ક્ષય કરી જિનેશ્વરની આરાધના કરતો હતો, પણ મેં મારો હાથ ઊઠાવી લીધો, તેથી તેને નરકમાં જવું પડયું હતું. એવી રીતે **અન્વય** અને **વ્યતિરેક**થી મારી ખાત્રી થઈ છે, છતાં વિદ્વાનો દાન અને શીલની પછી મારી ગણુના શા માટે કરે છે? એ કાંઇ સમજતું નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાન, શીલ અને તપના આવા વચનો સાંભળી ભાવે ગર્વથી કહ્યું, " અરે દાન, શીલ અને તપ, મેં બધા મારી આગળ શામાટે ગાજો છો ? જરા શરમાઓ. તમો મારાથીજ મહિમાની લક્ષ્મી પ્રાપ્ત થયા છો. તમારી ઉપર નીચેની હકીકત લાગુ પડે છે. " મેઘ જે સમુદ્રનું જળ ભરીને ઉન્નતિ પામેલો છે, તે સમુદ્રની ઉપર ગર્જના કરતાં તેને કેમ શરમ આવતી નથી ? " જેમ જીવ વિના દેહ, ફળ વિના પુષ્પ અને જળ વિના સરોવર તેમ તમે દાન, શીલ અને તપ મારા વગર સમજવા. તે વિષે લખ્યું છે કે, " આ પૃથ્વી ઉપર ઘણાં દ્રવ્યનું દાન આપ્યું હોય, બધા જિનાગમનો અભ્યાસ કર્યો હોય, પ્રચંડ ક્રિયાકાંડ આચરેલ હોય, તીવ્ર તપ કરેલું હોય અને લાંબો કાળ ચારિત્ર પાળ્યું હોય પણ હૃદયની અંદર ભાવ ન હોય તો તે બધું ફોતરાના છોલાના વાવવા જેવું નિષ્ફળ છે. " એક સમયે મોહે ભરત ચક્રવર્તીને પોતાના ગાઢ પાશથી બાંધી સંસાર રૂપ કારાગૃહમાં નાંખ્યો હતો, પરંતુ મેં તેને ક્ષણવારમાં મુકાવ્યો હતો. આદિનાથ પ્રભુની માતા મરૂદેવા પૂર્વે ધર્મને પ્રાપ્ત થયાં ન હતાં, પણ મોક્ષના મુખ્ય અંગરૂપ એવા મને પ્રાપ્ત થઇને ક્ષણવારમાં તે મોક્ષને પ્રાપ્ત થયાં હતાં.

**આષાઢભૂતિ** કપટી અને બ્રહ્મચર્યના માર્ગથી ભ્રષ્ટ થયો હતો છતાં મેં તેને બીજી ગતિઓમાંથી અટકાવી પરબ્રહ્મને પમાડયો હતો; તેમજ **ઈલાતીપુત્રનું** વૃત્તાંત જુવો. તેને વાનરની જેમ કર્મોએ નચાવ્યો હતો, પણ મારી ( ભાવની ) શુદ્ધિથી તે તત્કાળ ઉજ્વળ–કેવળજ્ઞાન પામ્યો હતો. તમારે નક્કી સમજવું કે, મનુષ્યોને મારી અશુદ્ધિ હોય તો ક્ષણમાં બંધ થાય છે અને મારી શુદ્ધિ હોય તો ક્ષણમાં મોક્ષ થાય છે. મહાત્મા **પ્રસન્નચંદ્રરાજર્ષિ** તેનું સ્પષ્ટ દૃષ્ટાંત છે. વિરત અને અવિરત–એ બંને ભાઇઓના વૃત્તાંતના દાખલા ઉપરથી સર્વત્ર મારૂં ( ભાવનું ) પ્રમાણ છે. કોઇ ઠેકાણે મારા સિવાય ક્રિયાનું પ્રમાણ છેજ નહીં. "

આ પ્રમાણે દાન, શીલ, તપ અને ભાવ પોતપોતાના માહાત્મ્યનો ગર્વ ધરી પરસ્પર વાદ–વિવાદ કરતાં કરતાં તેનો નિર્ણય કરવા શ્રી તીર્થંકર પ્રભુની પાસે ગયા. સર્વત્ર સમદૃષ્ટિવાળા, વીતરાગ અને સર્વજ્ઞ એવા પ્રભુ તેમનો વિવાદ ભાંગવાને આ પ્રમાણે સ્વોપજ્ઞ વચન બોલ્યા—" એકવાર એક એક પર્યાયને ગ્રહણ કરનારી જે વાણી તે **નય** કહેવાય છે. અને એકી સાથે જે એક વસ્તુના ધર્મને અવલંબન કરે નહીં, તે **પ્રમા** ( પ્રમાણ ) કહેવાય છે. સર્વજ્ઞોએ અન્યોન્ય અપેક્ષાવાળા નયોને **સુનય** કહેલા છે, અને પરસ્પર મત્સર ભાવથી વિષયોને ક્ષીણ કરનારાઓને **દુર્નય** કહેલા છે. જિન શાસનમાં દુઃખના ક્ષયને માટે યોજેલા એક એક યોગમાં વર્તમાન અનંત કેવલીઓ થયેલા છે, તેથી તમે પ્રત્યેક સર્વ મોક્ષના અંગપણાને પામેલા છો, માટે તમે પરસ્પર મત્સર ભાવ ધારણ કરી દુર્નય થશો નહીં. પ્રાયે કરીને શ્રદ્ધા યુકત સત્પાત્રમાં દાન કરવાથી, નિર્મળ શીલ પાળવાથી, તીવ્ર તપ આચરવાથી અને સદ્ભાવ ભાવવાથી ઘણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ મોક્ષે પામેલા છે. તમારા ચારેનો અન્યોન્યાશ્રય સંબંધ છે, છતાં તમારામાં રહેલ પરસ્પર ન્યૂનાધિકતા જાણવાની તમારી ઇચ્છા હોય તો સાવધાન થઇ સાંભળો, તે હું તમોને જણાવું. " ચંદ્રના કિરણોના જેવી નિર્મળતાને ધારણ કરનારા હે શીલ, હે નીયાણા વગરના તપ, અને પાપને નાશ કરનારા હે ભાવ, તમારા આરાધનથી અવશ્ય મુકિત થાય છે, પણ તે એકનેજ થાય છે, અને દાનથી દાતા અને અદાતા બંનેની મુકિત થાય છે, તે સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. "

જેમનું મન રાગ દ્વેષથી રહિત છે, એવા સર્વજ્ઞ પ્રભુના મુખ કમળમાંથી તે સર્વેની અંદર દાનની યુકિતવાળી અધિકતા સાંભળી શીલ, તપ અને ભાવ ત્રણે મત્સર ભાવ છોડી દઇ દાનને પોતાના અગ્રપદ ઉપર રાખી તેનું બહુ માન કરવા લાગ્યા.

**દાનનું વિશેષ મહાત્મ્ય.**

સર્વજ્ઞ ભગવાને ' આ લોક અને પરલોકમાં સંયોગ, આરોગ્ય સદ્ભોગ,ભાગ્ય અને સૌભાગ્યની સંપત્તિઓનું મૂળ કારણ દાન છે, એમ કહેલું છે. દાનથી સર્વ સ્થળે અનુપમ કીર્ત્તિ સ્ફુરે છે. અને દાનથી મનુષ્યને મુખ ઉપર ઉદય કરનારો પ્રકાશ પડી રહે છે. પ્રાચીન પ્રેમથી વશ થયેલા સ્વજનોની વાતતો એક તરફ રહે, પણ જેઓ ખરેખરા શત્રુઓ હોય છે, તેઓ પણ દાનથી વશ થઇ સ્વતઃ પોતાને માથે પાણી ભરે છે. બધાં પ્રાણીઓ પ્રતિકૂળ હોય પણ જો દાન આપવામાં આવે તો તેઓ તત્કાલ પ્રસરતા પાપ-અપરાધોને કોરે મુકી દાતાને તાબે થઇ જાય છે. પ્રાયઃ પુરૂષોને પૂર્વના કર્મોથી ઉત્પન્ન થયેલા દુર્વાર પાપોના સમૂહ દાનથી નિર્વીર્ય થઇ નાશ પામી જાય છે. તેથી મુગ્ધ પુરૂષોએ પાત્રોના ગુણોની દરકાર રાખ્યા વિના સર્વ રીતે પ્રતિદિન દાન આપ્યા કરવું. એમ કરતાં કોઇ વાર કોઇ વખતે સત્પાત્રનો યોગ મળી આવશે. તે ઉપર કહ્યું છે કે, " સર્વ પ્રકારે દાન આપનાર દાતાને કોઇવાર સત્પાત્રનો યોગ થઇ આવે છે. મેઘખારા સમુદ્રમાં વર્ષતાં વર્ષતાં કોઇવાર તે મોતી રૂપ થઇ જાય છે, " એકવાર પણ શ્રદ્ધાથી સત્પાત્રને આપેલું શુદ્ધ દાન અલ્પ હોય તો પણ તે માણસોને ઘણાં લાભને માટે થઈ પડે છે. તે ઉપર કહેવત છે કે, " વ્યાજે આપેલું દ્રવ્ય બમણું થાય છે, વેપારમાં યોજેલું હોયતો ચોગણું થાય છે. ખેતીમાં જોડેલું હોય તો સોગણું થાય છે અને સત્પાત્રમાં આપેલું હોય તો અનંતગણું થાય છે. " વળી ઇતિહાસકાર લખે છે કે," ઘણું આપ્યું હોય પણ જો તે શ્રદ્ધા વગરનું હોય તો વિદ્વાનો તેને નષ્ટ થયેલું માને છે અને શ્રદ્ધાથી ફકત પાણી આપ્યું હોય તો પણ તે અનંતગણું થઇ પડે છે. " આ ઉપરથી પાત્ર-અપાત્રનો વિવેક રાખનારા તત્ત્વાર્થી પુરૂષો ગુણોથી સત્પાત્રનો નિશ્ચય કરી શ્રધ્ધા યુકત દાન આપે છે. જેઓ શ્રદ્ધાદાનના વિવેક વગરના છે, તેઓ કુપાત્રોને દાન આપી તેમના દુષ્ટ આચરણોને ઉલટા ઉત્તેજન આપનારા થાય છે, જે દયા દાન છે, તે તો ગમે તેવા ગરીબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાથ વગેરેને પણ સર્વ રીતે આપવું જોઇએ; કારણકે, સર્વ જનોના હિતકારી એવા સર્વજ્ઞ ભગવંતોએ તે દયાદાનનો કયારે પણ નિષેધ કરેલો નથી. જેમ ક્ષેત્ર, બીજ, વર્ષાદ અને પવનના સારા યોગથી ખેતી ઉત્કૃષ્ટ ગણાય છે, અને તેઓમાંથી એકના અભાવે મધ્યમ અથવા નિષ્ફળ ગણાય છે. તેવી રીતે દાનપણ પાત્ર, દ્રવ્ય, ભાવ અને અનુમોદન એ ચારેના યોગથી ઉત્કૃષ્ટ ગણાય છે. અને તેઓમાંથી એકને અભાવે મધ્યમ અથવા નિષ્ફળ ગણાય છે. જો માણસ યોગ્ય સમયે શ્રધ્ધાથી સત્પાત્રમાં દાન આપે તો સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલા વર્ષાદનું પાણી જેમ મોતી પાકે છે. તેમ તે દાન સફળ થાય છે. મોંઘા સ્વાદિષ્ટ ખાજાના ભોજન તો એક તરફ રહ્યા, પણ યોગ્ય સમયે સત્પાત્રને માત્ર જળ આપ્યું હોય તોપણ તે ઈષ્ટ અર્થની સિધ્ધિને માટે થાય છે. ભયંકર ગ્રીષ્મ ઋતુમાં તૃષિત થયેલા સાધુઓને **રત્નપાળરાજા**એ ફકત પાણી આપ્યું હતું. તે તેને અદ્ભુત સંપત્તિને માટે થયું હતું.

અપૂર્ણ.

# વ્યવહાર વિશુદ્ધિમાં જીવન પ્રવાહ.

જીવનની પ્રત્યેક ભાવનામાં, જીવનના પ્રત્યેક અંગોમાં, જીવનની પ્રત્યેક રૂપરેખામાં તેમજ જીવનની પ્રત્યેક પળમાં વ્યવહાર વિશુદ્ધિ એ અગ્રપદ ધરાવે છે. વ્યવહારના સર્વ નિયમોનું પૃથક્કરણ કરતાં, તેને સમજતાં અને તદનુસાર પ્રવૃત્તિમાન્ થતાં તેમજ અનુભવની શાળામાંથી બહાર આવી પ્રત્યક્ષપણે અનેક પ્રતિરોધોની સામે ટક્કર ઝીલતાં, ક્રમશઃ પ્રત્યેક નિયમો વિશુદ્ધ અને નિર્મળતર બનતાં જાય છે. વ્યવહાર એ મનુષ્ય પ્રાણી માત્રને સંસારની પરિસ્થિતિને ચોક્કસ આકારમાં મૂકવાને માટે અને જે પ્રસંગોમાં, જે સ્થિતિઓમાં મનુષ્ય મૂકાયલો હોય તેનો મર્યાદા જાળવી રાખવા માટે અચૂક વર્તન છે. પરંતુ વ્યવહાર કોને કહેવાય, તેની પરિસ્થિતિ મનુષ્ય ઉપર કેવી સચોટ અસર કરે છે, તેમજ તેનો અનુભવ મનુષ્યને પ્રત્યેક પ્રસંગમાં કેવો અમૂલ્ય થઇ પડે છે, તે જાણવા પછી તેની હેયોપાદેયતા અથવા શુદ્ધાશુદ્ધતા જાણી શકાય છે; અને શુદ્ધ વ્યવહારને અવલંબી અશુદ્ધ વ્યવહારના અંગોનો ઉચ્છેદ કરી આંતર જીવનની ઉન્નતિનું કારણ ઉત્પન્ન કરે છે અને તેવા પ્રબળ સાધન વડે આત્મહિતમાં હમેશાં તૈયાર રહી શકે છે.

જેમ સંસારિક કાર્યક્ષેત્રો વ્યવહારની વિશાળ કોટિમાં અંતર્ગત થાય છે. તેમ આંતર જીવનને ઉન્નત કરનારા પ્રત્યેક સાધનો તેજ વિસ્તીર્ણ કોટિમાં સમાય છે. ઉન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યનો સંબંધ ભિન્ન ભિન્ન દિશાએ લંબાતો હોય છે. કેમકે પ્રવૃત્તિમાં તીવ્રપણે રચી પચી રહેલા મનુષ્યો આંતર જીવનને શોધવા જાય એ દુર્ઘટ વૈષમ્ય છે. છતાં પણ સાંસારિક અપેક્ષાએ કોઈ પણ પ્રકારના વ્યસન અગર એબ વગરનું જીવન ગમે તેવી પ્રવૃત્તિવાળું હોય, છતાં પ્રશસ્ય છે. એટલુંજ નહિ પરંતુ જીવન પ્રવાહને વેગવાન્ બનાવવાના સાધનો તૈયાર કરાવી આપે છે. અને આ રીતે ધાર્મિક ક્ષેત્રમાં સીધો અને અનુકૂળ ભાગ ભજવે છે.

વિશુદ્ધ વ્યવહાર કોને કહેવાય? એ સિદ્ધાંતનું નિરાકરણ કરવા પહેલાં તેમજ સાંસારિક કાર્યક્ષેત્રમાં જીવન વ્યવહારની કેવી સંકલના છે તે વિચારવા પહેલાં વ્યવહાર શુદ્ધિ અને આંતરજીવનને શું સંબંધ છે તે વિચારવાની પ્રથમ આવશ્યકતા છે અને તેવાજ ખાસ કારણથી પ્રત્યેક પુરૂષાર્થનું સાફલ્ય છે. સ્વકલ્પિત નિશ્ચય બળથી આંતર જીવનના સ્વાદનો અનુભવ લેવા ઇચ્છનારા શુષ્ક અધ્યાત્મવાદીઓ કહે છે કે વ્યવહારનું શું કામ છે? પ્રથમથીજ આત્માને આત્મનિરીક્ષણ કરાવવું અને તેને બીજા વ્યવહારોનું શું પ્રયોજન છે? આ સ્થિતિ એક અપેક્ષાએ જેટલી ખેદકારક છે, તેટલીજ બીજી રીતે હસનીય છે. આ વિચારો આત્માને તેના જીવનવ્યવહારમાંથી અવળે માર્ગે લઇ જનાર હોવાથી સાર્થક નથી જ. વ્યવહારશુદ્ધિવડે આત્માનું બહિરંગ પોષાતું જાય છે. આત્માને જીવનના બાહ્ય પ્રસંગોમાં પ્રેરાતા સંયોગો વડે આત્મબળ વૃદ્ધિ પામતું જાય છે. જેમ શરીરમાં ખોરાક પુરવા માટે અન્ન જળની જરૂરીઆત પડે છે, તેમ જીવનબળ અથવા આત્મજીવનને મજબૂત કરવા માટે શુદ્ધ વ્યવહારની અગત્ય પડે છે. આંતરજીવન વિચાર માત્રથી શુદ્ધ થતું નથી પરંતુ બાહ્ય વર્તનની પણ તેને મુખ્ય જરૂરીઆત પડે છે. વ્યવહાર શુદ્ધિ અને આંતરજીવનને આ રીતે કારણ કાર્યનો સંબંધ છે. વ્યવહાર શુદ્ધિ એ બીજા શબ્દોમાં શુદ્ધ વર્તન છે અને એ વર્તન વગર પોષાતું આંતરબળ વીર્યહીન નીવડે છે. આ ઉપર જો દરેક મનુષ્ય અમૂલ્ય માનવ દેહ પામીને આંતરજીવનની ઉત્કર્ષતા કરવા ઇચ્છાવાળા હોય તેમણે વ્યવહાર શુદ્ધિને પ્રત્યેક સમયે ઉચ્ચ કોટિમાં મૂકવાની જરૂર છે; અન્યથા પ્રમાદને વશ થઇ અથવા ઉલટા વિચારોના વમળમાં ગુંચવાઇ જઇ તેને તજી દેવામાં આવે છે અગર તેની ઉપેક્ષા થાય છે તો પરિણામ અથવા જેને ઇષ્ટ ફળ કહેવામાં આવે છે તે પ્રાપ્ત થતું નથી કેમકે આંતરજીવન બળ પ્રાપ્ત થયા પછી મનુષ્ય પોતાના બળ ઉપર ઝુઝે છે અને અન્યને તેવા કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. બાહ્ય બળ એ કાંઇ જીવનની ભાવનામાં રેડાયલું બળ નથી; અંતરંગ બળ એજ વિશુદ્ધ અને આત્માને ઉન્નત કરનારૂં બળ છે અને તેવડે આત્માને પોષણ મળે છે. તેથી અંતરંગ જીવનમાં જાગૃતિ પ્રાપ્ત થયા પછી આધ્યાત્મિક ભાવનાઓ સતેજ થતાં ક્રમશઃ અનુભવની નિર્મળતા વૃદ્ધિ પામતી જાય છે. આમ હોઈ વ્યવહાર શુદ્ધિ અને આંતરજીવન ઉભયને ઘણોજ નિકટ સંબંધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારશુદ્ધિ કરવા માટે તૈયાર થયેલા મનુષ્યોમાં સૌથી પ્રથમ માર્ગાનુસારિપણાના ઉત્તમ ગુણો દાખલ થવા જોઇએ. આ ગુણો મનુષ્યના પ્રાકૃત વ્યવહારમાં પણ કેટલા બધા ઉપયોગી છે એ દરેક ગુણોનું પૃથક્કરણ વિચારી-મનન કરી જુએ તોજ જાણી શકાય તેમ છે. ન્યાય માર્ગમાં અડગ રહેનાર તેમજ સરલ પ્રકૃતિપણું એ બે મુખ્ય ગુણો અનેક ગુણોનો સંગ્રહ કરાવી આપે છે. વેપારમાં તેમજ અન્ય ધંધામાં પણ પ્રમાણિકપણું તેમજ લેવડદેવડના વ્યવહારમાં અસત્યથી વેગળા રહેવાપણું એ અમુક પ્રકારની ચોક્કસ દ્રષ્ટિએ કાંઇ વ્યવહાર શુદ્ધિનું અપૂર્ણ અંગ નથી, પરંતુ ઉભય સદ્ગુણોની ધરી ઉપર વ્યવહારની કમાનો અવલંબી રહેલી છે. માર્ગાનુસારીપણાના ગુણોની શ્રેણિ સંસારની પ્રવૃત્તિ વાળા વ્યવહારને શુદ્ધ કરી શકે છે, તો મોક્ષ પુરૂષાર્થની પ્રવૃત્તિમાં કટિબદ્ધ થયેલા પ્રાણીઓના વ્યવહારને વિશુદ્ધ બનાવે તેમાં શું આશ્ચર્ય !

મુખ્યત્વે કરીને વ્યવહારમાં સત્વર ફળનો અનુભવ કરવાની ઇચ્છાવાળા સાધકે પોતાનું મન કેવા વ્યવહારમાં પરોવાય છે તેમજ કેવા વિચારો સેવે છે તે સાવધાનતાથી જોવું જોઇએ. અને તે મન જો જરા પણ આડે માર્ગે વહીને ન સેવવાના વિચારો સેવતું હોય તો તત્કાળ તેને સીધે માર્ગે લાવવું જોઇએ. આટલું કરવાને માટે જેઓ કમર બાંધીને તૈયાર થયા નથી તેઓને તદનુકૂળ સાધનો સાંધવાનો વેગ પ્રકટયોજ નથી, અને સાધનોના ફળની તેમને ઇચ્છા નથી એ સિદ્ધ થાય છે. વ્યવહાર એ મુખ્યત્વે કરીને આચાર હોઈ તેના કારણ રૂપે વિચાર હોવાથી માનસિક બળની વ્યવહાર શુદ્ધિને માટે અનંતર અગત્ય છે.

વ્યવહારના અનેક પ્રસંગોમાં આવતી અડચણોને નિર્મૂળ કરવા માટે આ બળ પોતાની શકિત યથાર્થ રીતે ફેરવી શકે છે અને સાધ્ય સન્મુખ પ્રાણીને લાવી મૂકે છે. કેટલાએક પ્રસંગો કે જયાં એક તરફ વ્યવહારિક સ્થિતિથી ચ્યુત થવાપણું છે, બીજી તરફ લોક ચર્ચાનો ભય સન્મુખ રહેલો છે તેવી સ્થિતિમાં માનસિક બળની પ્રબળતા એકાએક ઉદ્વર્તન ( REVOLUTION ) કરી મૂકે છે; અને જો તે બળ ન્યાયી વિચાર પૂર્વક પ્રાપ્ત કરેલું અને પરિણામ દર્શી હોય તો પ્રાંતે વિજયી નિવડે છે; અને જગતની દ્રષ્ટિએ ઉદ્વર્તન સમયે જે વિરોધનો રાહુ જોવાતો હોય છે તે કાળાંતરે દૂર થઈ, પૂર્વોકત બળ મેળવાયલી વિશુદ્ધતાને જ્યારે જોઇએ છીએ ત્યારે ગતાનુગતિકપણાનું પ્રવૃત્તિ ચક્ર એકદમ ફરી જાય છે, પરંતુ આ માનસિક બળ કોઇ પણ પ્રકારે આડા માર્ગમાં વહન થનારૂં કદાપિ હોવું નજ જોઇએ અને તેટલા માટે તેને યોગ્ય પ્રમાણમાં કેળવવાની ખાસ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંસારિક મર્યાદામાં વહન થતો કહેવાતો વ્યવહાર તેની સર્વ પ્રવૃત્તિ માત્રને અવલંબે છે. ખાનપાન, લેવડ દેવડ, સ્વજન સેવા, શરીર શુશ્રૂષા, વિગેરે અનેક પ્રવૃત્તિમય છે જ્યારે ચતુર્થ પુરૂષાર્થની મર્યાદાના કેંદ્રસ્થાને રહેલો વ્યવહાર જૈન દર્શન વડે પ્રસંશાતું " વિરતિપણું " છે, આમાં અહિંસા, સત્ય, પ્રમાણિકપણું, બ્રહ્મચર્ય અને નિર્લોભતા મુખ્ય છે. બાકીના બીજા સામાયિકાદિ વ્યવહારો વિશુદ્ધ ક્રિયા રૂપ છે. આ વ્યવહાર મોક્ષ અથવા આત્માની આત્યંતિક મુક્તિ કરવાને માટે સબળ સાધન છે અને તેથીજ આંતરજીવનમાં જાગૃતિ આણનાર ઉત્તમ રસાયન છે.

'વ્યવહાર' ને મનુષ્યો જૂદા જૂદા સ્વરૂપમાં ઓળખે છે. કેટલાએક વ્યાપારને વ્યવહાર ગણે છે, કેટલાએક શુભ અથવા અશુભ પ્રસંગમાં સગાવહાલાને ત્યાં જવું તેને વ્યવહાર ગણે છે, પરંતુ વ્યવહાર નય અને નિશ્ચયનયનું વિવેચન કરતું જૈન દર્શન પ્રવૃત્તિ માત્રને વ્યવહાર કહે છે. અને તેને શુભ અને અશુભ એ બે પ્રકારે વહેંચે છે. તેમાં શુભ પ્રવૃત્તિમાં વહન થતું જીવન એ વ્યવહાર વિશુદ્ધિ તરીકે ઓળખાય છે જ્યારે અશુભ પ્રવૃત્તિમાં વહન થતું જીવન અવિશુદ્ધ વ્યવહાર તરીકે સંબોધાય છે, અને એ સર્વ વ્યવહારોથી અલગ અને વ્યવહારની પરિપાલનાથી–રૂપીના દર્શનથી અરૂપી આત્મગુણ પ્રકટે છે તેમ પ્રગટ થયેલા–સ્વબળની સાથે સંયોગ પામતા જીવનની પ્રવૃત્તિ એ નિશ્ચય નયના અનુસંધાનવાળી છે. બંનેની સંગતિ આવી નિકટ હોવાથી આત્મ પ્રબોધમાં કહ્યું છે તેમ—

ववहार नउच्छेए तित्थुछेओ जओवस्सम् ।

વ્યવહાર નયનો ઉચ્છેદ કરવામાં આવે તો શાસનનોજ ઉચ્છેદ અવશ્ય સમજવો તેમ શાસ્ત્રકાર કહે છે. તો વ્યવહાર વગર કોઇપણ કાર્ય થઈ શક્યું નથી, થઇ શકવાનું નથી તેમજ થઇ શકશે નહિ; પરંતુ તેની શુદ્ધાશુદ્ધતા તપાસવામાંજ ખરેખરી આત્મ પરીક્ષા છે. અનેક મનુષ્યો તેમાં જબરી ભૂલથાપ ખાઇ જાય છે. કેટલાએક માત્ર સમજણ વગરની, અર્થશૂન્ય, આવશ્યક ક્રિયાઓનું સેવન કરી આંતરજીવનને મેળવવા ફાંફા મારે છે પરંતુ પ્રત્યેક વ્યવહાર અર્થાત્ પ્રત્યેક ક્રિયાઓ તેનાં શુદ્ધ સ્વરૂપમાં આદરવી જોઇએ. સાંસારિક પ્રવૃત્તિગત ક્રિયાઓને અત્યારે બાજુએ મૂકી માત્ર મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ ક્રિયાઓમાં પણ શૂન્યતા, દગ્ધતા વિગેરે દોષો ન હોવા જોઇએ; પ્રત્યેક ક્રિયામાં પ્રમાદ વગર જિજ્ઞાસુપણું અને આદરણીયતા એ બે તત્ત્વોનું પરિણમન થવું જોઇએ. આ ઉપરથી જગત્‌ના પ્રત્યેક અંગમાં વ્યવહાર સમાયલો છે. આપણે ખાનપાન અથવા લેવડ દેવડનો વ્યવહાર શુદ્ધ ન રાખીએ તો જેમ શરીરને અને આબરૂને હાનિ પહોંચે છે, તેમ મુક્તિના સાધનરૂપ વ્યવહાર અવિશુદ્ધ હોય તો આધ્યાત્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાનિ પ્રકટે છે. આ ઉપરથી વાચિક અને કાયિક વ્યવહાર ઉભયને શુદ્ધતાના પટમાં વણી દેવા જોઇએ. કેમકે શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે—

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઇ રાચો.

આમ હોવાથી વચન વ્યવહારને પ્રત્યેક પ્રસંગે કેળવવાની જરૂર છે. આથી પ્રત્યેક પ્રવૃત્તિનો ક્રમ પ્રથમ માનસિક વ્યવહારને કેળવતાં વાચિક વ્યવહારને ક્રમશઃશુદ્ધ કરાવેછે અને પછીથી શરીરવડે પ્રાપ્ત કરાતી પ્રવૃત્તિ માત્રમાં કાયિક વ્યવહાર વિશુદ્ધ બનતો જાય છે. જેવા વિચાર તેવું વર્ત્તન એ વિચાર બળનું સામર્થ્ય દર્શાવે છે; પરંતુ સદ્ વિચારોનું સેવન અને તદનુસાર વર્ત્તન એ વિશુદ્ધ વ્યવહારને જન સમાજ આગળ પ્રકટ કરે છે; અનેક મનુષ્યો તેનું અનુકરણ કરે છે. સાંસારિક મર્યાદામાં પ્રાપ્ત કરાતો વિશુદ્ધ વ્યવહાર જેવો કે વશ્ય પુત્ર, અર્થ કરી વિદ્યા, અનુકૂલ ભાર્યા વિગેરે જેને નીતિકારે જીવલોકના છ સુખ દર્શાવેલા છે તેવા અનેક પ્રકારોમાં સંદર્ભિત થાય છે અને તે સાંસારિક શાંતિને અર્થે નિરૂપયોગી નથી એટલુંજ નહીં પરંતુ તેવા પ્રકારની શાંતિ ધાર્મિક સંયોગોને અનુકૂળ કદાચ બનાવી શકે છે. અને તેથીજ તે વ્યવહાર પ્રશસ્ય છે, પરંતુ વાસ્તવિક રીતે મુક્તિને અનુકૂળ વ્યવહારમાં જેની પ્રવૃત્તિ તન્મય થઇ રહેલી છે તેઓનેજ ધન્યછે અને તેઓ કૃતાર્થ છે. પૂર્વોક્ત સાંસારિક પરિસ્થિતિવાળી વ્યવહાર શુદ્ધિ જો દ્વિતીય પ્રકારની વ્યવહાર શુદ્ધિને ઉત્પન્ન કરાવવાનું સામર્થ્ય ધારણ કરે અને તે મુજબ ઉત્પન્ન કરાવી આપે તોજ ઉપયોગી છે; અન્યથા નિરર્થક છે. આથી પ્રથમથીજ પ્રત્યેક ક્રિયા પછી તે સાંસારિક મર્યાદાવાળી હોય અથવા મુક્તિના કેંદ્રસ્થાન રૂપ હોય તોપણ તેની શુદ્ધતા ઉપર ખાસ ધ્યાન આપવાથીજ મનુષ્યનો ઉત્ક્રાંતિ ક્રમ વિકાસ પામતો જાય છે.

બુદ્ધિબળને પામેલા મનુષ્ય વર્ગમાં જીવનના બે પ્રદેશ છે. એક પ્રદેશનું નામ કારણ પ્રદેશ છે, અને બીજા પ્રદેશનું નામ કાર્ય પ્રદેશ છે. વ્યવહારવડે અનુભવની શાળામાંથી પ્રાપ્ત થતું શિક્ષણ એ કારણ પ્રદેશ છે અને તેનો જીવન સાથે યથાર્થ ઉપયોગ એ કાર્ય પ્રદેશ છે. આથી મનુષ્યોએ કાર્ય પ્રદેશ પ્રાપ્તિની પોતાની દ્રષ્ટિ ફેરવીને કારણ પ્રદેશ પ્રતિ નાંખવાની છે. અને તેમ કરતાં વ્યવહાર સંબંધી પ્રત્યેક ક્રિયાને શુદ્ધ કરવા અથવા શુદ્ધ ક્રિયામાં પોતાનો વ્યવહાર ચલાવવાની પ્રેરણા થાય છે. અને શ્રદ્ધા તેમજ વિશ્વાસથી આગળ વધે છે.

જિનેન્દ્ર પૂજા, ગુરૂ સેવા અને પ્રાણી અનુકંપા વિગેરે વ્યવહારમાં મનુષ્યે વારંવાર સંસ્કારી થવું જોઇએ. વ્યવહારની સર્વ ક્રિયાઓ પછી તે શુભ હોય કે અશુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો પણ બાહ્ય જગતમાં અંતઃકરણ ઉપર સારી અથવા નરસી છાપ પાડે છે અને તેથીજ પૂજા વગેરે વ્યવહાર આંતર જીવનને ઘણીજ અચ્છી રીતે કેળવે છે; તેમજ સંસ્કારી બનાવે છે. આમ હોવાથી ફળ પ્રકટાવવાના પ્રયત્નને જોઇ જે જે ક્રિયાઓ કરવામાં આવે તેના પરિણામ દર્શી થવું જોઇએ. ગતાનુગતિક લોક દૃષ્ટિ અત્ર તપાસવાની બીલકુલ જરૂર નથી પરંતુ જે વર્તન અંગીકાર કરવામાં આવે તે નિર્દોષ પણે થયું છે કે કેમ તેવા પ્રકારની સાધ્ય દૃષ્ટિ જરાપણ ભુલવાની નથી, અને પછીથી જગત્ પોતેજ પરિણામ દર્શી થઇ જ્યારે જોશે ત્યારે એ વર્ત્તનને યોગ્ય ન્યાય મળેલો કહેવાશે, છતાં પણ વર્ત્તનથી અમુક ફળ ચોક્કસ નીપજશે તેવી ખાતરી શી રીતે હોઇ શકે કિંતુ સ્વબુદ્ધિ અનુસાર તુલના કરી ઉદ્યમને પ્રધાનપદ આપી પ્રગતિ કરવી જોઇએ એમ વ્યવહારને ઉન્નત કરનાર નીતિશાસ્ત્ર કહે છે. પ્રયત્ન કરતાં કરતાં વ્યવહારની શુદ્ધ કોટી પ્રાપ્ત થશેજ અને આંતર જીવનને પોષણ આપી અધિકાધિક બળવત્તર કરી કાર્ય પ્રદેશ પ્રાપ્ત કરાવી આત્મિક ઉન્નતિમાં જીવન પ્રવાહને વિસ્તારશે.

લેખક,

**શાહ ફતેચંદ ઝવેરભાઈ.**

# लज्जातोऽपि धर्मः—

## શું લજ્જાથી પણ આરાધન કરેલો ધર્મ મહાફળને આપનારો થાય છે ?

### લેખક—મુનિરાજશ્રી મણિવિજયજી—(મુ० લુણાવાડા.)

**સુજ્ઞ મહાશય**—ધર્મ:–એ શબ્દ જગતના અંદર ઘણા લોકોના મુખમાંથી નીકળે છે, અને ત્યાં સુધી માને છે કે આ અમારો ધર્મ છે ને આ અમારો ધર્મ નથી. ધર્મ શબ્દના પોકાર પાડનારા મનુષ્યો ગામે ગામ અને શહેરે શહેર, શેરીએ શેરીએ, પોળે પોળ, ચૌટે ચૌટે ને ચોરે ચોરે, વાટે ઘાટે અને અટવી તથા પર્વત તેમજ સમુદ્રમાં પણ ધર્મના પડઘાઓ પાડી રહેલા છે; પણ ધર્મ શું વસ્તુ છે. ધર્મનું સ્વરૂપ શું છે. ધર્મથી શું સુખ પ્રાપ્ત થાય છે. તથા ધર્મ કેવો હોવો જોઇએ તથા ધર્મ કોને કહેવો જોઇએ. તે પરમાર્થ જાણનારા દુનિયાના અંદર બહુજ થોડા મનુષ્યો જોવામાં આવે છે. જેમ કોઇ માણસ પોપટને કહે છે કે પઢો પોપટજી રામ. તો પોપટ મુખથી રામ રામ આ પ્રકારના શબ્દને બોલતા શીખે અને બોલે. પરંતુ રામ કોણ હતા તથા કયારે ને કયે સ્થળે ઉત્પન્ન થયા હતા, રામે શું શું કર્ત્તવ્ય કરેલા છે, અદ્યાપિ પર્યંત રામ નામ અખંડ કેમ રહેલું છે. તથા રામ કેવી કરણિ કરી કઇ ગતિને પ્રાપ્ત થયેલા છે. તેની જેમ પોપટને ખબર પડતી નથી, તેમજ મુખેથીજ કેવળ ધર્મ ધર્મના પોકાર પાડનારા મનુષ્યોને ધર્મના અંતરપટની, તથા ધર્મના રહસ્યની તેમજ ધર્મના અગાધ અને ઉ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તમ ફલોની પ્રાપ્તિ માલુમ પડતી નથી. કહ્યું છે કે आहिंसा परमो धर्मः અહિંસા ( જીવ-દયા ) તેજ પરમ ધર્મ છે. અને જે ધર્મના અંદર દયા વસેલી છે તેનેજ ધર્મ કહેવાય છે, પણ જેની અંદર હિંસા થતી હોય તેને ધર્મ કહેવાતો નથી, તે અધર્મજ કહેવાય છે.

## यतः

दुर्गतौ प्रसृतान् जंतून् यस्मात् धारयते ततः
धत्तेचैतान् शुभे स्थाने, तस्मात् धर्म इति स्मृतः ॥ १ ॥

**ભાવાર્થ**—દુર્ગતિના અંદર પડતા જીવોને ધારણ કરે અર્થાત્ બચાવે તથા તે જીવોને શુભસ્થાનને (સારા સ્થાનને) વિષે સ્થાપન કરે-લાવીને મુકે તેને જ ધર્મ કહેલો છે.

**વિવેચન**—સુખ અને સંપત્તિ પ્રાણીઓને પ્રાપ્ત થાય છે તે દયામય ધર્મથી જ થાય છે. આવા ઉત્તમોત્તમ શ્રી વીતરાગ પ્રણિત દયામય ધર્મને યથાશકિત પ્રમાણે સાધુ-સાધવી સર્વ વિરતિ રૂપ તથા શ્રાવક-શ્રાવિકા દેશ વિરતિ રૂપ ધર્મને આરાધે છે ને તેથી તેઓ સદ્ગતિના ભોકતા થાય છે, આવા પરમ ધર્મને પણ કોઇક દ્રવ્યથી તો કોઇક ભાવથી સેવન કરે છે. અથવા લજ્જા આદિ બીજા અનેક પ્રકારથી પણ ધર્મને આરાધે છે. કહ્યું છે કેઃ—

## लज्जातोऽपि धर्मः

**ભાવાર્થ**—લજ્જા થકી પણ કેટલાક જીવો ધર્મને આરાધે છે, અને તેથી એટલે લજ્જા થકી પણ આરાધન કરેલો ધર્મ આરાધન કરનારને અસમાન અને અમેય ફલને આપે છે.

## लज्जायाम् धर्मः अर्ध मंडित नागिलामुक्त भवदत्त भ्रातृ भवदेववत् ।

**ભાવાર્થ**—શૃંગાર સજવા માંડેલ, અર્ધ આભૂષણોથી સુશોભિત નાગિલા નામની સ્ત્રિને ત્યાગ કરનાર ભવદત્તના ભાઇ ભવદેવના પેઠે.

## दृष्टांतो यथा.

આ પૃથ્વીને આભૂષણ રૂપ એવા મગધ દેશમાં સુગ્રામ નામનુ એક દીપતું ગામ હતું; તેમાં રાષ્ટ્રકુટ નામનો કણબી અને રેવતી નામની તેની સ્ત્રી વસતાં હતાં. તેમને અનુક્રમે ભવદત્ત અને ભવદેવ નામે પુત્ર થયા, તેઓ જ્યારે મોટા થયા ત્યારે ધર્મ કર્મમાં તત્પર થયા.

એકદા સુસ્થિત આચાર્યપાસે વૈરાગ્યવંત થઇ ભવદત્તે દિક્ષા ગ્રહણ કરી અને તે શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા, અન્યદા તેણે એકવાર ગુરૂ મહારાજને કહ્યું, હે પ્રભો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારપક્ષના સ્વજન સંબંધીને વંદાવવા જવાની મ્હારી ઇચ્છા છે, આપ કૃપા કરી આજ્ઞા આપો તો ગમન કરૂં. ગુરૂ મહારાજે આજ્ઞા આપવાથી ભવદત્તમુનિ સુગ્રામ ગામે ગયા, ત્યાં ભવદેવનાં નાગિલા સાથે લગ્ન થતાં હતાં, તેથી સાધુને કોઇએ આવ્યા જાણ્યા નહિ એટલે તે ગુરૂ પાસે પાછા આવ્યા. બીજા સાધુઓએ તેમની મશ્કરી કરી તેથી ભવદત્ત ભાઇને પ્રતિબોધ પમાડવા સારૂં ફરીથી પણ બીજીવાર સુગ્રામ ગામે આવ્યા. તેણે પ્રતિજ્ઞા કરીકે ભાઇને દિક્ષા અપાવીશ. આવી પ્રતિજ્ઞા કરી ત્યાં ગયા તે સમયે નાગિલાને આભૂષણો પહેરાવવાનો ઉત્સવ થઈ રહ્યો હતો, શૃંગાર સજાતો હતો તેમાં અર્ધ શૃંગાર સજ્યો તેવામાં ખબર પડવાથી ભવદેવ ભવદત્તને આવીને નમ્યો, તથા તેણે શ્રદ્ધાથી તેમને શુદ્ધ અન્નપાન વહોરાવી પ્રતિલાભ્યા. ભવદત્તે જતી વખતે ભવદેવને કેટલેકસુધી સાથે લીધો અને તેને કહ્યું કે ભવદેવ તને ધન્ય છે કે સાધુ ઉપર ત્હારી આવી રૂડી ભક્તિ છે.

એવી વાણીથી તેને પ્રીતિ ઉપજાવી તેના હાથમાં ઘૃત (ઘીનું) ભરેલું પાત્ર આપ્યું. બીજા સ્વજન વર્ગને છોડી દઇ ભવદત્ત ભવદેવ સાથે બાલ્ય ક્રીડાદિ વાર્તા કરતો ગુરૂ પાસે આવ્યો. તેમને નમીને ભવદત્તે કહ્યું કે હે ભગવન્! મ્હારા ભાઇને મેં આપની પાસે આણેલો છે, તેને દિક્ષા લેવાની ઇચ્છા છે. ગુરૂએ દિક્ષા આપી તે ભવદેવે મોટાભાઈની દાક્ષિણ્યતાથી અંગીકાર કરી; પછી ભવદત્તે એક મુનિ તથા પોતાના ભાઇને સાથે લઈ, ગુરૂને નમસ્કાર કરી અન્યત્ર વિહાર કર્યો. ભવદેવ ભાઇના વચનને લઇને જ સંયમ પાળવા લાગ્યો પણ જેમ હસ્તિને હસ્તિની (હાથણી) યાદ આવે તેમ તેની સ્ત્રી નાગિલા વારંવાર યાદ આવ્યા કરતી. અનુક્રમે ભવદત્ત તો તીવ્ર તપસ્યા કરી કાળ ધર્મ પામી સ્વર્ગે ગયા, એટલે એકલો પડેલો ભવદેવ બીજા સાધુને સુતા જ છોડી દઇ નાગિલાનું સ્મરણ કરતો રાત્રિના સમયે નીકળી ગયો. કહ્યું છે કે સ્ત્રી અને લક્ષ્મીના અંદર મોહિત એવો રાગી પુરૂષ બહુ કર્મ બાંધે છે અને નિર્મળ અંતઃકરણવાળો નિરાગી માણસ બહુ સુખ પ્રાપ્ત કરે છે.

यतः ॥ उक्तं इंद्रिय पराजय शतके ॥
अल्लो सुक्कोअदो छूटा, गोलया मट्टिआ मया,
दो वि आवडिआ कुड्डे, जो अल्लो तत्थ लग्गइ ॥ १ ॥

**ભાવાર્થ**—જેમ માટીના બે ગોળા એક લીલો અને બીજો સુકો ભીંતના ઉપર પછાડયા હોય તો લીલો ગોળો ભીંત ઉપર ચોટી રહે છે, તેમજ વિષયાંધ પ્રાણિનું ચિત્ત નિરંતર વિષય વાસનામાંજ આશક્ત રહે છે.

હવે ભવદેવ ચાલતો ચાલતો સુગ્રામ ગામની સીમે આવ્યો અને ત્યાં બાહ્યસ્થાને રહ્યો, એવામાં ત્યાં એક ઉત્તમ શ્રાવિકા બીજી વૃદ્ધ સ્ત્રીની જોડે આવી. (આ શ્રાવિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગિલા હતી,) ભવદેવ કોઇને ઓળખી શક્યો નહિ તેથી પૂછવા લાગ્યો કે, ભવદેવે ત્યાગ કરેલી નાગિલા છે કે નહિ? ત્યારે નાગિલાયે તેને ઓળખી કાઢી તેને સન્મુખ પૂછયું; અહો તમે નાગિલાના પતિ છો કે? ભવદેવે કહ્યું કે, હા હું તેનો પતિ છું. મહારા મોટા ભાઇ ભવદત્તે મને કપટથી ગુરૂ પાસે લઇ જઇ જોરજુલમથી મહારા મન વિના દિક્ષા અપાવી, તે મેં નાગિલાના સ્મરણમાં ને સ્મરણમાં બાર વર્ષ પાળી. અર્થાત્ બાર વર્ષ મન વિના પણ ચારિત્ર પાળ્યું. ભવદેવ આ પ્રમાણે કહે છે એટલામાં નાગિલાના સાથે જે વૃદ્ધ સ્ત્રી હતી તેણીનો પુત્ર ત્યાં આવ્યો અને તે કહેવા લાગ્યો હે માતા, મને આજે ગામમાં જમવા જવાનું નોતરૂં (આમંત્રણ) મળ્યું છે, ત્યાં દક્ષિણા પણ મળવાની છે માટે તું જલ્દી ઘરે ચાલ વિલંબ ન કર. કારણ કે પ્રથમ પીધેલું દૂધ છે તે ભાજનમાં વમી કાઢવું છે. અને તે જમ્યા પછી તેમજ દક્ષિણા લઇને આવ્યા પછી તે દૂધ પી જઇશ. તે છોકરાના આવા વચનને શ્રવણ કરી ભવદેવ કહેવા લાગ્યો કે, અહો આ બાળક વમન કરેલું નિંદવા યોગ્ય ભોજન પાછું જમશે? તે સાંભળી નાગિલા બોલી. હું આપની સ્ત્રી નાગિલા છું. આપે મને પૂર્વે વમેલી (ત્યાગ કરેલી) ને ફરીથી ભોગવવા કેમ ઇચ્છો છો? એવો કોણ અજ્ઞાની હોય કે ત્યજી દીધેલી સ્ત્રીને વમેલા આહારના પેઠે અંગીકાર કરે. કહેલું છે કે સ્ત્રીયો અનંત દુઃખની ખાણરૂપ હોય છે.

**यतः**

**मांसाऽसृगस्थिविण्मूत्र, पूर्णाऽहमधमाधमा,**
**वांतादपिजुगुप्स्यास्मि, मामिछन् किं न लज्जसे? ॥ १ ॥**

**ભાવાર્થ**—માંસ, રૂધિર, હાડકા, સ્નાયુ, મળ, મૂત્ર, શુક્ર, શ્લેશ્મ, મેદ, મજ્જા વડે કરી કોથળીના જેમ ભરેલી એવી અધમમાં અધમ હું છું. ઉપર દેખાવ માત્રથીજ સારી છું. અંદરથી મહા દુર્ગંધમયપણાથી સંપૂર્ણ ભરેલી છું અને વમન કરેલા આહાર કરતાં પણ મહા નિંદનીય છું, તો મહારી વાંછા કરતાં તું કેમ લજ્જા પામતો નથી?

**यतः**

**पश्यस्यद्रौज्वलदग्निं, नपुनःपादयोरधः**
**यत्परंशिक्षयिस्येवं, नस्वंशिक्षयसिस्वयं ॥ १ ॥**

**ભાવાર્થ**—પર્વતના ઉપર બળતા અગ્નિને તું દેખે છે પણ તારા પગના અંદર અગ્નિ સળગે છે તેને દેખતો નથી. કારણ કે તું પરને શિક્ષા આપે છે કે વમન કરેલું ભોજન ભક્ષણ કરવું નહિ, પરંતુ તું પોતે વમન કરેલાને ભક્ષણ કરવા તત્પર થયેલો છે તે શિક્ષા તહારા આત્માને આપતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यतः**

**काह्निपुंगणना तेषां, येऽन्येशिक्षा विचक्षणाः**
**येस्वं शिक्षयितुं दक्षा, स्तेषां पुंगणना नृणाम् ॥ १ ॥**

**ભાવાર્થ**—તેવા પુરૂષોની ગણત્રી પુરૂષોના અંદર ક્યાંથી હોય કે જે બીજાને શિખામણ આપવામાં ડાહ્યા હોય. તે જ પુરૂષોને પુરૂષ કહેવાય છે કે જે પોતાના આત્માને જ શિખામણ આપવામાં ડાહ્યા હોય છે; તેજ પુરૂષ પુરૂષની ગણત્રીમાં ગણી શકાય છે.

મેં ગુરૂ મહારાજ પાસે શીયલ–વૃત અંગીકાર કરેલું છે અને સ્ત્રીયોને શીયલ જ પરમ, અને ઉત્તમોત્તમ આભુષણ કહેલું છે. શીયલવંતી સ્ત્રીયો જ આ જગતના અંદર શોભાપાત્ર છે. કહ્યું છે કેઃ—

**यतः**

**शीलेन प्राप्यते सौख्यं, शीलेन विमलं यशः,**
**शीलेन लभ्यते मोक्ष, स्तस्मात् शीलं वरं व्रतं. ॥ १ ॥**

**ભાવાર્થ**—શીયલથી સુખપ્રાપ્ત થાય છે, શીયલથી નિર્મલ યશ મલે છે, શીયલથી મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે, તે કારણ માટે શીયળ મહા ઉત્તમ વ્રત છે. (શ્રેષ્ટ વૃત છે).

**વિવેચન**—સર્વે શૃંગારના અંદર શીયલના સમાન બીજો એક પણ શૃંગાર નથી, સર્વે આભુષણોના અંદર શીયલના સમાન બીજું એક પણ આભુષણ નથી, સર્વે ઉત્તમ પદાર્થોના અંદર શીયલના સમાન બીજો ઉત્તમ પદાર્થ એક પણ નથી, મનુષ્યોના કુલને ઉન્નતિ કરનારૂં મનોહર આભૂષણ રૂપ, નહિ નાશ પામે એવા સુગતિના સ્થાનરૂપ, લક્ષ્મી આપવાવાળું. દુર્ગતિને દૂર કરવાવાળું, પવિત્ર યશને વૃદ્ધિ કરનારૂં, કલ્પવૃક્ષ, કામઘટ, કામધેનું પેઠે ચિંતિત પદાર્થને આપવાવાળું અને સંસારથી નિવૃત્તિ પમાડનારૂં એક શીયળ જ છે.

માટે હે નાથ! મ્હારૂં કહ્યું માનીને ગુરૂની પાસે જાઓ! આલોચના લઇ શુદ્ધ થાઓ, શુદ્ધ ચારિત્ર પાળી મોક્ષને પ્રાપ્ત કરો.

સ્ત્રીનો પ્રતિબોધ પામીને ભવદેવ લજ્જા પામી નાગિલાને ખમાવી ગુરૂ પાસે ગયો, ત્યાં પોતાના દુશ્ચરિત્ર સમ્યક્ પ્રકારે આલોચી ફરીથી ચારિત્ર અંગીકાર કરી, શુદ્ધ રીતે પાળી, કાળ ધર્મ પામી સૌધર્મ દેવલોકે દેવતા થયો.

એવી રીતે લજ્જાથી પણ આરાધન કરેલો ધર્મ મહાફળને આપનારો થાય છે, તો શ્રદ્ધા સહિત આરાધન કરેલો ધર્મ શીવસુખને આપે તેના અંદર આશ્ચર્ય નથી. માટે ઉત્તમ પ્રાણિયોએ મન વચન કાયાયે કરી યથાશક્તિ પણ સંપૂર્ણ ભાવ થકી ધર્મનું આરાધન કરવું, તેજ ઇહલોક તથા પરલોકના અંદર હિતકારી છે. **ઇત્યલમ્**
**ભાવદેવ દ્રષ્ટાંતઃ સંપૂર્ણઃ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિવિધ-વચન.

## ( મોક્ષ–માર્ગ. )

## सम्यग्-दर्शन–ज्ञान–चारित्राणि मोक्ष-मार्गः ।

( श्रीमान् उमास्वति )

**सम्यग्**–દર્શન–સત્યમાં પૂર્ણ શ્રદ્ધા, સમ્યગ્–જ્ઞાન–કર્તવ્ય અકર્તવ્યનો પૂર્ણ વિવેક, અને સમ્યગ્–ચારિત્ર–સદ્વર્તન એ મોક્ષમાર્ગ છે. અર્થાત્—સત્યમાં પૂર્ણ શ્રદ્ધા–દ્રઢ પ્રીતિ રાખી, કર્તવ્ય કરવા યોગ્ય, અકર્તવ્ય–નહીં કરવા યોગ્ય, કાર્યનું વિવેક પૂર્વક–સદ્બુદ્ધિ યુક્ત વિચાર કરી, સદ્વર્તન–પવિત્ર જીવનમાં પ્રવર્તવું એજ મોક્ષનો માર્ગ છે. વિષય–કષાય જન્ય સુખ દુઃખાદિ રૂપ બંધનની બેડીમાં બંધાયેલા, જન્મ, જરા, મરણ રૂપ સંસાર–કારાગારમાં પડેલા પ્રાણીયોને તેમાંથી મુક્ત થવાનો આ એકજ અવ્યાબાધ માર્ગ છે. એજ પવિત્ર પંથે થઇ પૂર્વે અનંત આત્મા અખંડ આનંદ અને અક્ષય્ય છે સુખ જ્યાં એવા મોક્ષ–મંદિરના માલિક થયા છે. વર્તમાનમાં અનેક આત્મા તે આનંદ-ભુવનના ભોગી થાય છે. અને ભવિષ્યમાં પણ એજ માર્ગે થઇ અપાર જીવો તે અચલ, અવિનાશી, શાસ્વત્–સિદ્ધ સ્થલના અધિપતિ થશે ! પરમ પદ પામશે !!

## ( સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે. )

## सिद्धिः स्याद्वादात् ।

( कलिकाल–सर्वज्ञ–श्री हेमचंद्राचार्य )

અખિલ વિશ્વમાં રહેલા સમગ્ર પદાર્થોની નિત્ય-અનિત્ય આદિ સંપૂર્ણ વ્યવસ્થા સ્યાદ્વાદ-અનેકાંતવાદથી જ થાય છે.

## (જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે.)

## ज्ञान–क्रियाभ्यां मोक्षः ।

હેય,–ત્યાગવા લાયક, ઉપાદેય–અંગીકાર કરવા લાયક, અને જ્ઞેય–જાણવા લાયક પદાર્થોનું તત્ તત્ સ્વરૂપે બોધ થવો તે જ્ઞાન, અને સંસારના હેતુભૂત જે અવિરત્યાદિ આશ્રવો, તેનાથી વિરમણ થવું તે ક્રિયા. એ બેથી મોક્ષ પદ મળે છે.

Syadvada or Anekantavada is competent to descend into the utmost minutiae of metaphysics and to settle all the vexed questions by a positive method-to settle at any rate the limits, of wnich it ossible to determine by any method which the human mind

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



may be rationaly supposed to possess. It promises to reconcile all the conflicting schools, not by inducing any of them necessarily to abandon their favourite standpoints of others are alike tenable or at least that they are representative of some aspect of truth which under some modification needs to be represented and that the Integrity of truth consists in this variety of its aspects within the relational unity of an all-comprehensive and ramifying principal.

**અર્થ**—તત્ત્વજ્ઞાનના બારિકમાં બારીક પ્રશ્નમાં ઉતરવાને અને મનુષ્યના મનથી ન્યાય પૂર્વક કલ્પી શકાય તેવી રીતથી સઘળા ગુંચવણ ભરેલા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું અથવા જેટલું નિશ્ચિત થઇ શકે તેની હદ બાંધવાનું સામર્થ્ય સ્યાદ્વાદમાં રહેલું છે. પરસ્પર વિરૂદ્ધ દલીલો કરતી વિચાર શ્રેણીઓના માનનારાઓને તેમનો ઇષ્ટ અભિપ્રાય તજાવીને નહિં, પણ બીજાના દ્રષ્ટિ બિન્દુઓ પણ તેમની માફક એક સરખી રીતે ટકી શકે તેવા છે, અથવાતો સત્યની અમુક અપેક્ષા જે કેટલાક ફેરફાર સાથે જણાવવાની આવશ્યકતા છે, તેને જણાવનારા છે, એવું બતાવીને સ્યાદ્વાદ સર્વ વિચાર શ્રેણીઓની એકવાકયતા સિદ્ધ કરવાનું માથે લે છે. સંપૂર્ણ સત્ય સર્વવ્યાપી તત્ત્વની સાથે સંબંધ ધરાવતી વિવિધ અપેક્ષાઆ સમજવામાં રહેલું છે.

( જૈનશ્વેતાંબર કોનફરન્સ હેરલ્ડ. )

## ( સ્યાદ્વાદ—સિંહ )

प्रत्यक्षद्वयदीप्तनेत्रयुगलस्तर्क स्फुरत्केसरः
शाब्दव्यात्त करालवक्त्र कुहरः सद्--हेतु गुञ्जारवः ।
क्रीडन्नयकानने स्मृतिनख श्रेणीशिखाभीषणः
संज्ञावालधिबन्धुरो विजयते स्याद्--वादपञ्चाननः ॥

( श्रीमद्--वादिदेवसूरिः । )

પ્રત્યક્ષ, પરોક્ષ એ બે પ્રમાણ રૂપ દે દીપ્યમાન છે નેત્ર યુગલ જેનું, તર્કરૂપ સ્ફુરાયમાન છે કે, સરી—જટા જેની, શાબ્દ પ્રમાણરૂપ ફાડેલ છે વિકરાલ વદન—વિવર જેણે, સદ્—હેતુ રૂપ છે મહાન ગર્જના જેની, સ્મૃતિ રૂપ નખોની પંકિતના અગ્રભાગ વડે અતિ ભયાનક, અને સંજ્ઞા રૂપ પૂછડાથી મનોહર, એવો સ્યાદ્—વાદ પંચાનન—અને કાંતકેશરી નય ( ગમ, ભંગ ) રૂપ કાનન—જંગલમાં ક્રીડા કરતો થકા સર્વોત્કર્ષ પણે વિજયવંત વર્તે છે.

## ( અર્હત્ ભગવાન્‌ની અમારી ઉદ્ઘોષણા)

सेबेमि जे अइया जेय पडुपन्ना जे आगमिस्सा
अरहंता भगवंतो, ते सव्वे एव माइक्खंति, एवं भासंति,
एवं पन्नवंति एवं परूवंति--" सव्वे पाणा, सव्वे भूया,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सव्वे जीवा, सव्वे सत्ता न हंतव्वा, न अजायेव्वा, न प
रितावेयव्वा, न उद्दवेयव्वा । " एसधम्मे सुध्धे, निइए,
सासए समिच्च लोयं खेयन्नेहिं पवेइए ।

( आचारांग सूत्र. )

હું કહું છું કે—જે અર્હન્ ભગવાન્ પૂર્વે થઇ ગયા, જે વર્તમાન કાળમાં વિદ્યમાન છે, અને જે ભવિષ્યમાં થશે, તે સઘળા આ પ્રમાણે કથન કરે છે, બોલે છે, જણાવે છે, અને પ્રરૂપે છે કે—( કોઇ પણ પ્રાણી એ ) " સર્વ પ્રાણ, સર્વભૂત, સર્વ જીવ, અને સર્વ સત્ત્વને મારવા નહિં, તેમના ઉપર અધિકાર ચલાવવો નહિં, તેમને પરિતાપ આપવો નહિં, તથા કોઇ પણ રીતે હેરાન કરવા નહિં. " આ પ્રકારે પવિત્ર આજ્ઞા, અને શાસ્વત્ શુદ્ધ ધર્મ, જગજ્જનોના દુઃખને જાણકાર તીર્થંકરપ્રભુએ કથેલું છે.

( શુભાશિસ્. )

त्रिसंध्यं देवार्चां विरचय चयं प्रापय यशः
श्रियः पात्रे वापं जनय नयमार्गे नय मनः
स्मर क्रोधाद्यारीन् दलय कलय प्राणीषु दयां
जिनोक्तं सिद्धान्तं शृणुवृणु जवान्मुक्ति कमलाम् ॥

ત્રિકાલ દેવ પૂજા કર, યશને વૃદ્ધિ પમાડ, સુપાત્રમાં લક્ષ્મીનું વપન કર, ન્યાય માર્ગે મનદોર, કામ ક્રોધાદિ શત્રુને હણીનાંખ, પ્રાણીઓ ઉપર દયાકર, જિનેશ્વર ભાષિત સિદ્ધાંતને સાંભળ, અને પછી મોક્ષ લક્ષ્મીને તરત વર !

( સિંદૂર પ્રકર. )

પ્રયોજક,
મુનિરાજ શ્રી જિનવિજયજી.

## વિવિધ વિષય.

### વિદેશોમાં જૈન સાહિત્ય પ્રકાશ.

**ઉપદેશમાળા**—એક ઇટાલીના વિદ્વાન્ ડો. એલ. પી. ટેસેટોરીએ, ' ઇટાલીયન એસીયાટીક સોસાયટી ' ના ત્રૈમાસિકમાં ઉપદેશમાળા—મૂળ રોમન લિપિમાં પ્રસિદ્ધ કર્યું છે. જહેની અંદર શરૂઆતમાં ઇટાલીઅન ભાષામાં સુંદર પ્રસ્તાવના લખવામાં આવી છે. આ પ્રસ્તાવનામાં ધર્મદાસ ગણી વિષે તથા ઉપદેશમાળા ઉપર બનેલી ટીકાઓ વિષે વર્ણન આપવામાં આવેલ છે. ત્યારબાદ મૂળ ( જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેની નીચે પાઠાન્તરો પણ આપ્યા છે. ) ઉપદેશમાળામાં આવેલા શબ્દોની અનુક્રમણિકા અને છેવટે ગાથાઓનો અક્ષરાનુક્રમ આપવામાં આવેલ છે.

**પ્રશમરતિ પ્રકરણ**–સટીક, આ ગ્રંથને ડો. એ. બેલેની ઇટાલીઅન ભાષામાં બહાર પાડે છે.

**મુનિપતિ ચરિત્ર સારોદ્ધાર**—આ ગ્રંથને ઇટાલીઅન ત્રૈમાસિકમાં મિ. બેલોની ફીલ્પી પ્રસિદ્ધ કરે છે.

ડો, હર્ટલનો ઇંગ્રેજી ભાષામાં લખેલો ' નેરેટિવ લિટરેચર ઓફ ધી જૈનાજ ' નામનો નિબંધ જયપુર નિવાસી પં૦ ચંદ્રધર શર્મા ગુલેરી બી. એ. હિન્દી ભાષામાં અનુવાદ કરે છે. જે થોડા વખતમાં અંગ્રેજીની સાથે પુસ્તકાકારે બ્હાર પડશે,

ડો. મિરોંનો ' ન્યાય પ્રવેશ ટીકા ' સહિત ' બિબ્લીઓથેકા બુદ્ધિકામાં ' પ્રસિદ્ધ કરે છે.

' અથર્વ પરિશિષ્ટ ' નામનો ગ્રંથ જર્મન ડો. બૉનનેગુલેએ જર્મનીમાં બ્હાર પાડયો છે.

લંડનમાં જે ' જૈન લિટરેચર સોસાયટી ' સ્થાપન થઇ છે, તેના તરફથી ' સ્યાદ્વાદ મંજરી ' ' ષડ દર્શન સમુચ્ચય ' અને દીગંબર કુંદકુંદાચાર્ય કૃત ' પ્રવચન સાર ' એ ત્રણ તાત્ત્વિક ગ્રંથોનું ભાષાંતર થાય છે. જેમાં ' સ્યાદવાદ મંજરી ' નું ભાષાંતર, ડો. મિરોનો કરે છે. અને ' ષડ્ દર્શન સમુચ્ચય ' નું ભાષાંતર પ્રોફેસર એલ. સ્વેલી કરે છે.

પ્રયોજક,
મુનિરાજ શ્રી જિનવિજયજી.

# વર્તમાન સમાચાર.

**મહેરબાન અધિપતિ સાહેબ.**

આપના પત્રમાં નીચેની બીનાને સ્થાન આપવા મે–કરશોજી.

## ભાંડક (ભદ્રાવતી) તીર્થના ઉદ્ધારમાટે મળેલી પાલણપુરના શ્રી જૈન સંઘ તરફની મદદ.

પૂજ્યપાદ શાન્ત મૂર્તિ શ્રીમાન્ હંસવિજયજી માહારાજજીને વાંદવા માટે નાગપુર વર્ધાથી શેઠ કીસનચંદજી હીરાલાલજી (વાઇસ પ્રેસીડેન્ટ શ્રી જૈન શ્રેયસ્કર મંડળના) તથા મેસાણાથી પરીક્ષક મી૦ મણીલાલ સુંદરજી શાહ આવ્યા હતા. પરીક્ષક મી૦ મણીલાલે માહારાજજીના પ્રમુખપણા નીચે "તીર્થ ભક્તિ, પ્રાચીન તીર્થોએ જૈનોની જાહોજલાલી સુચક કીર્તિ સ્થંભો, વસ્તુપાળ, તેજપાળ સંપ્રતિ, કુમારપાળ, જગડુશા, મોતીશા, જેવા તિર્થોધ્ધારક નર રત્નોનું યથાશક્તિ અનુકરણ, આપણી ફરજો, પરમાત્માના અક્ષર દેહ અને તદાકાર દેહ તરફ આપણો પૂજ્ય ભાવ; હાલ ભાંડક તીર્થની હાલત" વિગેરે અનેક મુદ્દાઓ પર યોગ્ય ભાષણ આપ્યું હતું. મહારાજજીએ સુંદર શબ્દોમાં અનુમોદન આપ્યા બાદ લગભગ ૫૦૦) સ્ત્રી પુરૂષો કે જેઓ સભામાં હાજર હતા

For Private And Personal Use Only